
॥ હરિઃૐ ॥


હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત


# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 3 • Issue : 1 • 5th July, 2020 • Price : Rs. 10







• વેબસાઇટ-ઈ-મેઇલ •
www.hariomashram.org
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી ગૌતમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**હરિ:ૐ ગુંજન અંગે**

૧. ભેટની રકમ હરિ:ૐ આશ્રમના નામે મનીઑર્ડરથી કે ચેક / ડી.ડી. મારફતે આશ્રમના સરનામે મોકલવા વિનંતી.
(ઈન્કમટેક્ષ ઍક્ટની કલમ-૮૦-જી-(૫)ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.
૨. હરિ:ૐ આશ્રમ,
પો.બો.નં. ૭૪, નડિયાદ,
પીન કોડ : ૩૮૭૦૦૧.
મો. ૭૮૭૮૦૪૬૨૮૮

**• પ્રકાશન સ્થળ •**
૮૯, પાયલ પાર્ક, સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

**હરિ:ૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત**

# હરિ:ૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

વર્ષ-૩, અંક-૧ જુલાઈ-ઑગસ્ટ, ૨૦૨૦

## શ્રીપ્રભુપ્રીત્યર્થે બધું કરવું—એનો શો અર્થ છે ?

જે 'જીવ' શ્રીપ્રભુપ્રીત્યર્થે જ સકળ જે તે કંઈ હૃદયની પૂરેપૂરી ઉત્કટ પ્રેમભક્તિથી કર્યાં કરવાનું રાખે છે, ને જેને હૃદયમાં એકમાત્ર ભગવાનને જ રાજી કરવાની જીવતીજાગતી મનીષા છે, અભિલાષા છે, કોડ છે, ને તેવી રીતે મનહૃદયથી વારી વારી જઈને એના સર્વ રીતે ને સર્વભાવે ન્યોછાવર થઈ જવાની તમન્ના લાગેલી છે, એવો 'જીવ' ધ્યાન કરવા બેસે કે ન બેસે તેમાં કશો ફરક પડતો હોતો નથી; અથવા સાધનાની બીજી કોઈ રીત અખત્યાર કરે કે નહિ તેનો પણ વાંધો હોતો નથી. આવા 'જીવ'ને કશું બતાવવાનું રહેતું નથી. માત્ર આપણાં બધાં જ કર્મમાં બધો સમય હૃદયની સાચી દાનતવાળાં હોઈએ ને આપણી ભાવના જો એકમાત્ર પ્રભુપ્રીત્યર્થે જ તે કર્યાં કરવાની હૃદયમાં હૃદયથી જાગી ગયેલી હોય અથવા તેવી જાતનો આપણો અભ્યાસ થતો રહેતો હોય અથવા તેવો અભ્યાસ કેળવ્યાં કરવાનો જીવતોજાગતો પ્રયત્ન થયાં કરતો હોય ને તેવે સમયે આપણાં મનહૃદય શ્રીભગવાન પરત્વે જ ઉન્મુખ રહ્યાં કરતાં હોય કે તેમ રહેવાને હૃદયથી મથ્યાં કરતાં હોઈએ ને એમાં પૂરેપૂરાં તલ્લીન, એકાગ્ર ને કેન્દ્રિત હોયાં કરીએ, તો જે કંઈ જરૂર પડ્યાં કરે તે એની મેળે આપણી કને શ્રીપ્રભુકૃપાથી હાજર થઈ જવાનું છે, એવો આ 'જીવ'નો શ્રીપ્રભુકૃપાના બળ આધારથી પાકો અનુભવ થઈ ગયેલો છે તે જાણજે. વૈષ્ણવ ધર્મની જે મૂળ ભાવના કે જે તે બધું શ્રીપ્રભુપ્રીત્યર્થે જ કર્યાં કરવું, તે તો સહજસાધના છે. એના જેવી બીજી કોઈ સરળ, સહજસાધના નથી. જોકે બીજાં સાધનો આ 'જીવે' તો શ્રીપ્રભુકૃપાથી કરેલાં છે, પણ શરૂશરૂમાં તો ઉપલું જ સાધન એની કૃપાથી લાધેલું, તેથી કરી તેવી સાધનામાંથી ઘણું મળેલું છે. માટે તે પ્રમાણે કરી જોવામાં સાર છે.

*શ્રીમોટા* *('સમર્પણગંગા', પ્ર.આ., પૃ. ૨૫-૨૬)*

# હરિઃૐ ગુંજન
**જુલાઈ-ઑગસ્ટ, ૨૦૨૦**

**માનદ્‌તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ**

**સંકલન : ડૉ. ચંપકભાઈ ર. મોદી નડિયાદ.**

- **૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
- સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.


## સાધક-લેખકોને નિમંત્રણ

પૂ. શ્રીમોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃૐ ગુંજન' દ્વિમાસિક સામયિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે હરિઃૐ આશ્રમ, નડિયાદને મોકલી આપવું. અનુકૂળતાએ મુદ્રિત કરવામાં આવશે.

## ❁ લખાણ અંગે ❁

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- દ્વિમાસિક સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખ લેખકના પોતાના અંગત વિચારો છે.


**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨


# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | સેવાકાર્યની યથાર્થતા | શ્રીમોટા | ૫ |
| ૨. | દિવ્ય છત્ર | શ્રીમતી ખુરશેદ અડાજણિયા | ૬ |
| ૩. | જન્મદિન ઉજવવાની સમજ | શ્રીમોટા | ૮ |
| ૪. | પૂ. શ્રીમોટાની મસ્તદશા | રમેશ ભટ્ટ | ૯ |
| ૫. | પ્રસંગનો ઉપયોગ એ જ મોટું સાધન | શ્રીમોટા | ૧૩ |
| ૬. | આ બધું શું ? | શ્રીમોટા | ૧૫ |
| ૭. | ઉત્કટ પ્રેમભક્તિ સર્વશક્તિમાન છે ? | શ્રીમોટા | ૧૭ |
| ૮. | પૂ. શ્રીમોટા સાથે રહેવાનો પાક્કો નિશ્ચય | શ્રી નંદુભાઈ શાહ | ૧૮ |
| ૯. | જીવનમુક્તને સુખદુઃખ, રોગ, પીડા આદિ હોય ખરાં ? | પ્રો. કાર્તિકેય અ. ભટ્ટ | ૧૯ |
| ૧૦. | પૂ. શ્રીમોટાનો અનહદ-પ્રેમ | શ્રી નંદુભાઈ શાહ | ૨૧ |
| ૧૧. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૩ |


## હરિઃૐ આશ્રમ, નડિયાદના ગુરુપૂર્ણિમા ઉત્સવ વિષયક

ગુરુપૂર્ણિમા તા. ૫-૭-૨૦૨૦ને રવિવારના રોજ છે. જેથી હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા અગાઉ જાહેર કરેલ પ્રોગ્રામ કોરોના વાઈરસ મહામારીના સંદર્ભે યોજી શકાય તેમ ન હોવાથી સદરહુ કાર્યક્રમ રદ કરવામાં આવે છે. તેના બદલે સર્વે સ્વજનો તે દિવસે સવારના ૭-૦૦ વાગ્યાથી ફક્ત દર્શનાર્થે આવી શકશે અને દર્શન કર્યા બાદ તુરંત જ નીકળી જવાનું રહેશે. સર્વેએ સ્વયંશિસ્ત જાળવીને આશ્રમમાં અસરકારક રીતે ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે. જેથી સરકારશ્રીના આદેશોનું પાલન થઈ શકે.

**તા.ક. :** ગુરુપૂર્ણિમાનો ઉત્સવ રદ કરેલ હોઈ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ નથી.

ટ્રસ્ટીમંડળ
હરિઃૐ આશ્રમ, નડિયાદ

# ૧. સેવાકાર્યની યથાર્થતા

- શ્રીમોટા

મારી તો હૃદયની પ્રાર્થના છે કે, આપણે બધા જે જીવો સેવાના ક્ષેત્રમાં પડેલા છીએ એવા જીવો પણ કર્મનું રહસ્ય, કર્મનું મહત્ત્વ ને કર્મ કરવાની કળા વગેરેને વિશે, કર્મ કરવાથી કરીને જીવનમાં વિકાસની યોગ્યતા પ્રકટે, તે રીતે કર્મને સમજીએ, તે ઘણું ઘણું જરૂરનું છે. કર્મને આચરતી પળે જીવનવિકાસને યોગ્ય પ્રકારની જીવંત ભાવના જીવતી રાખી શકાય, તો તે પણ એક જીવંત કળા છે. સેવાનાં કર્મથી પણ જો આપણા જીવનનો કે બીજાના જીવનનો વિકાસ થતો કોઈ ને કોઈ રીતે ન અનુભવી શકાયો, તો પછી કર્મ ગમે તેટલું ઉત્તમ હોય, તોપણ તે યથાર્થ નથી જ. સેવાનાં કર્મ શેને માટે ? જેના થકી કરી આપણા જીવનમાંના રાગદ્વેષ મોળા પડે, જીવનમાંની આપણી નિમ્નગામી વૃત્તિઓની પકડમાંથી મુક્ત બનતાં જઈએ, જીવનમાં શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા, ધીરજ, વિવેક આદિ ગુણોની પ્રેરણાત્મક જીવતી સંચાલનપણાની શક્તિ તે તે કર્મ આચરતી વેળાએ પ્રકટતી જતી આપણે અનુભવી શકીએ, તો તો તેવાં કર્મ યથાર્થ પ્રકારનાં છે. કર્મમાંથી કર્મનું ઉત્તમ યોગ્ય જ્ઞાન પણ પ્રકટતું અનુભવી શકાતું હોવું જોઈએ. જીવનને માટે કર્મ છે, કર્મ, માત્ર કર્મને માટે નથી. કર્મ કંઈ કોઈ બીજાના ઉદ્ધાર કાજે નથી. કર્મ તો પોતાના જીવનના ઉદ્ધાર કાજે છે, તેવી ભાવના પ્રધાનતઃ કર્મના આચરણમાં જ્ઞાનપૂર્વક આપણામાં જીવંત પ્રકટેલી હોવી જોઈએ. સેવાના ક્ષેત્રમાં પડેલાં આપણે બધા જીવો વર્ષોનાં વર્ષો સુધી તેમાં પડેલા છીએ. તેવા જીવોમાંથી એવા કેટલા છે કે જેઓ હૈયે હાથ મૂકીને કહે કે તેઓ રાગદ્વેષથી મોળા પડેલાં છે ? કર્મ કરતાં કરતાં ઉપર જણાવેલા છે એવા ગુણોની શક્તિ કેટલાએ પ્રકટેલી પોતાનામાં અનુભવેલી છે ? વળી, સેવાનું કર્મ તે ગાંધીજીએ બતાવેલા માર્ગમાંનું જ કોઈ ને કોઈ એક પ્રકારનું કર્મ કરતા હોઈએ તો જ તે કર્મ સેવાનું ગણાય એવું તો કશું જ નથી. જે કર્મ આપણા જીવનની સાચી સેવા કરી શકે તેવું હોય, તો તેવાં કર્મથી બીજાની પણ સેવા થઈ શકવાની છે. મારો હેતુ સેવા ન કરવાપણાનો નથી. તે તો કરવી જોઈએ. પણ સેવા શેને માટે, કયા હેતુને માટે, તેવા તેના કરવાપણાના ઉદ્દેશનું જીવતુંજાગતું જ્ઞાનભાન આપણામાં પૂરી રીતે પ્રકટેલું હોવું જોઈશે. જીવનને વધારે ઉદાત્ત, વધારે વિશાળ, વધારે ઉચ્ચતમ કક્ષાનું પ્રકટાવવા કાજે તેવાં તેવાં કર્મ છે. જીવનમાંના જીવ પ્રકારનાં વલણો ટળ્યાં કરે, એટલે કે દ્વંદ્વાદિ વૃત્તિ તદ્દન મોળી પડ્યા કરે, દ્વંદ્વ જ અંતે તો હઠી જાય, તેવો જીવતોજાગતો હેતુ ને તેનું જીવતુંજાગતું પ્રત્યેક કર્મ આચરતી વેળાએ આપણને રણકાર ને પડકાર દેતાં જ્ઞાનભાન પ્રકટેલાં હોવાં જોઈએ.

**સેવા કરનારાઓનો ભ્રમણાત્મક આત્મસંતોષ**

અંતે અહિંસાની પ્રાણપ્રતિષ્ઠા પણ રાગદ્વેષની મુક્તિ વિના કદી પણ થઈ શકવાની નથી, તે નિશ્ચિતપણે માનવું ને સમજવું. 'અહિંસા' 'અહિંસા' કર્યે કંઈ અહિંસા કદી પ્રકટી જવાની નથી. અહિંસા પ્રકટવા ને પ્રકટાવવા કાજે પણ ભૂમિકાની જરૂર રહે છે. આ જીવે વીસ વીસ વર્ષ સેવાના ક્ષેત્રમાં જ્ઞાનપૂર્વક સાવ મૂગા મૂગા રહી કામ કરેલું છે. સેવાનું કર્મ પણ પોતાના જીવનને કાજે છે, પોતાના જીવનના વિકાસ અર્થે છે. સેવાના ક્ષેત્રના કર્મને ખેડનારા જીવોનાં ઘણાં વર્ષોના પૂરા સહવાસ પછી, શ્રીપ્રભુકૃપાથી કહેવાની આજે હિંમત કરું છું કે તેવા જીવોને જીવન શું ને વળી જીવનનો ઉદ્ધાર શું, એવી કશી જ પડી હોતી નથી. એવાં તો સાવ કર્મના માત્ર ચોકઠાં પ્રમાણે જ કર્મ કરતાં હોય છે. એવા કર્મમાંથી પ્રાણચેતના કેવી રીતે પ્રકટી શકવાની ? હા ! જરૂર કર્મ થયા કરે છે, એવો એક પ્રકારનો ખોટો આત્મસંતોષ પ્રકટ્યા કરે છે, જેનાથી કરી બધાં છેતરાયા કરે છે. વીસ વીસ વર્ષની સેવાવાળા સેવકો જીવનને પ્રમાણિકપણે તપાસે કે

**અનુસંધાન પેજ નં. ૭ પર...**

## ૨. દિવ્ય છત્ર

**- શ્રીમતી ખુરશેદ અડાજણિયા**

(પૂજ્યશ્રીના અનેક ચાહકોમાંના એક પારસી સ્વજન બહેન)

પરમપૂજ્ય શ્રીમોટાના પ્રત્યક્ષ સંપર્કમાં ન આવનાર પણ એમની અદ્‌ભુત જાહેર પ્રવૃત્તિઓથી અજાણ ન જ હોય ! દિવ્ય ચેતનાને વરેલા એવા એઓશ્રીનાં સાનિધ્યમાં કે એમની પ્રતિમાનું દર્શન કરતાં પણ આપણી ક્ષુલ્લકતાનું ભાન થઈ જાય છે.

એમના સંપર્કમાં આવનાર સૌને કંઈ યોગસાધનામાં જ લગાવી દે છે તેવું નથી. જેવી જેની કક્ષા તે અનુસારનું ઘડતર એમના સંપર્કમાં આવ્યા પછી દરેક વ્યક્તિનું થયા કરે છે. જાણે કોઈ મહાન શિલ્પી નકામા લાગતા પથ્થરમાંથી ભવ્ય શિલ્પને આકાર આપે. મૂળથી જ એકડો ઘૂંટવાનું શીખવતા હોય તેમ સંસારી-દુન્યવી જીવન જીવતાં, આપસઆપસમાં સારી રીતે રહેતાં, દેશને જરૂરી એવું સામાજિક જીવન જીવતાં શીખવાડે છે.

મૂળ જો બરાબર જામ્યાં હોય, તેમાં કંઈ રોગ ન હોય તો જ વૃક્ષ ફળશે, ફાલશે અને પાંગરશે. એવું જ મનુષ્ય જીવનનું પણ. ઉત્તમ સામાજિક જીવન જીવીશું તો જ ગુણોનો વિકાસ થશે. દુર્ગુણો પર કાબૂ મેળવાશે. અને ત્યારે જ પોતપોતાની તૈયારી અનુસાર પ્રભુમાર્ગે પ્રગતિ કરાશે. આવું છે પૂજ્ય શ્રીમોટાનું સીધું સાદું ગણિત. એમાં ક્યાંયે ભૂલ થાય એમ નથી. **ધ્યેયને સિદ્ધ કરાવવાના જ તેઓ હિમાયતી છે. કારણ કે તેમણે જાતે ધગધગતા દાવાનળમાં ઝુકાવી ઝુકાવીને પ્રચંડ જ્વાળામુથી જેવો પુરુષાર્થ કરી કરીને જ સિદ્ધિ મેળવી છે.**

સમાજ વિના સામાન્ય માનવી રહી ન શકે. છતાં સમાજનું મહત્ત્વ આપણને સમજાતું નથી. જીવનમાં તાણાવાણાની માફક વણાયેલા સમાજની સુધારણા માટે પૂજ્ય શ્રીમોટાએ જાણે ભેખ લીધો છે. નાદુરસ્ત તબિયતે અનેક રોગને ભોગવતા ભોગવતા મુસાફરીની યાતનાનો પડછાયો પણ વર્તાવા દીધા વિના તેઓ એ કામ કરે છે. કોઈને પણ ન સૂઝે તેવા કામ કરવાની એમની મૌલિક અદ્‌ભુત સંકલ્પશક્તિનું ભાન થાય છે ત્યારે મસ્તક નમી પડે છે ! ભલે એ બધી સૂઝ એમને એમનો હજાર હાથવાળો ભગવાન સુઝાડે છે, પણ એ ભગવાનને-એમનામાં રહેલા ભગવાનને એમણે કપરી તપશ્ચર્યા કરી જગાડ્યો છે, પોતામાં વસાવ્યો છે, તેનામાં તદ્રુપ થઈ ગયા છે, ત્યારે જ આવું સંભવી શકે.

આપણું મહાભાગ્ય છે કે આપણને આવા મહાપુરુષનું સાંનિધ્ય મળ્યું છે. એમણે સુઝાડેલા માર્ગે અનુસરીને ચાલવામાં આપણે ભૂલથાપ ન કરીએ એટલી સાવધાનીની જરૂર હોવી ઘટે.

પૂજ્યશ્રી ઉત્સવની ઉજવણી પણ એટલા માટે જ થવા દે છે કે એમની યોજનાને નાણા મળી રહે. એમનાં સ્વજનો એમાં જે ભેટ મૂકે તેનો આંકડો મોટો થવા જાય છે. સ્થિતિપાત્ર વ્યક્તિઓ તો પીછેહઠ કરતી જ જોવામાં આવે છે. સામાન્ય સ્થિતિના જ દિલાવર દિલથી આપે છે. એ એની ખૂબી છે.

**દાનનો એક પૈસોયે પૂજ્યશ્રીના અંગત વપરાશમાં કે આશ્રમોના ખર્ચમાં જતો નથી.** ઊલટું પૂજ્યશ્રીનાં પુસ્તકોની અંગત આવક એમણે સામાજિક કાર્યોમાં વાપરી છે. આમ પૂ. ગાંધીજીની હાકલે દેશસેવાનું જે 'પ્રણ' લીધેલું તે આ દિવ્ય કક્ષાએ પહોંચ્યા છતાં સાર્થક કરી રહ્યા છે. પરંતુ આજના સમાજના આગેવાનોમાં આવી નિઃસ્વાર્થતા, પરોપકારીપણું, પ્રામાણિકતા અને નિશ્ચયી બની ઝઝૂમવાની શક્તિ ક્યાં છે ? ભગવાને તો મોટાને અનોખી ભેટ આપી છે. તેઓશ્રી તો સઘળામાંથી નિર્લેપ હોવા છતાં પૂછવાનું મન થાય છે કે આપણે એમની શી કિંમત આંકી ?

૧૯૫૯થી પૂજ્ય શ્રીમોટા સાથે થયેલા પરિચયથી અત્યાર સુધી નજર નાખતા મોટો ફરક એમની તંદુરસ્તીનો છે. આશ્રમનાં ઉલ્લાસભર્યા વાતાવરણમાં એઓશ્રી સાથે બેસી અમે આશ્રમનાં કામ કરતાં. શ્રીમંતો કે સાહેબોને પણ એ કરવું પડતું.

પૂજ્યશ્રીનું 'સ્વજન' મંડળ વિસ્તૃત છે. તેમાં બુદ્ધિજીવી વર્ગ છે. ત્યારે એમની 'દિવ્ય ફોરમ' જીવનમાં હંમેશાં પ્રસરે એવી પ્રાર્થના કરીએ. 'દિવ્ય ફોરમ' એ તો અનુભવની હકીકત છે.

નડિયાદ આશ્રમના વ્યવસ્થાપક શ્રી મણીકાકાના પુત્રના લગ્ન વખતે અમે બધાં એકત્ર થયાં હતા. ત્યારે અમારા પહેરેલાં ઘરેણાંની પૂજ્યશ્રીએ મજાક કરી અને એમને પહેરવાનું મન થયું છે એમ જણાવ્યું. મેં મારો હાર કાઢીને આપી દીધો. રાત્રે નડિયાદ ઘરે આવ્યા પછી રાવજીકાકા અમારે ત્યાં આવ્યા. એમના ગળામાં પેલો હાર. અમને હાર પૂજ્યશ્રીએ પાછો મોકલ્યો તેથી અફસોસ થયો. રાવજીકાકા તો હસાવીને ગયા. એ હાર વારાફરતી બધાએ લીધો. તેમાંથી ચંદનની મધુર સુગંધ આવતી હતી. અમને થયું પૂજ્યશ્રીએ સુખડના તેલનું માલીશ કર્યું હશે. થોડા દિવસ પછી આશ્રમે ગયાં ત્યારે મેં મારી એ શંકા નંદુભાઈને જણાવી. નંદુભાઈ મંદ મંદ હસતા કહે એવું કંઈ માલીશ નહોતું કર્યું.

સમજાતાં વાર ન લાગી કે એ 'દિવ્ય ફોરમ' શેની હતી ? એક જડ વસ્તુ થોડા કલાકના માટે દિવ્ય અંગ ઉપર સંસર્ગમાં આવતાં આટલું ગ્રહણ કરી શકે અને આપણે !

આવું દિવ્ય છત્ર માથે કાયમ રહે અને જે મૂલ્યવાન માર્ગદર્શન, પ્રેરણા, હૂંફ અને નિર્મળ સ્નેહની શીળી છાયા સંસારી સંબંધોમાં ન મળે તે દિવ્ય ચરણોમાં રહી મેળવ્યા કરીએ એ જ પ્રભુપ્રાર્થના.

*('જીવન સ્ફુલિંગ', પૃ. ૧૬૬-૧૬૮)*

**અનુસંધાન પેજ નં. ૫ પરથી...**

પોતે પોતાના જીવનમાં કેટલી શાંતિ, સમતા, પ્રસન્નચિત્તતા, વિવેક આદિ આદિ ગુણોની જીવંત શક્તિ પ્રકટાવી શકેલા છે ? હા, જરૂર એવાં થોડાંક તો હશે, હોય, તેની ના નથી, પરંતુ બહુ મોટા ભાગને જીવનની પડેલી હોય એવું લાગતું નથી.

**કર્મનો હેતુ જીવનને તારવાનો છે**

સેવાનાં કર્મ તો સહુ કોઈએ કરવાનાં હોય છે, તેમાંયે જીવનવિકાસની ભાવના પ્રકટાવવા ઈચ્છતા જીવે તો, સકળ થતાં રહેતાં કર્મ જ્ઞાનભક્તિપૂર્વકનાં જ્ઞાનભાન સાથે પ્રભુપ્રીત્યર્થે જ કર્યા કરવાનાં હોય છે. ભલે પછી તે કર્મમાં પોતાની વ્યક્તિ સમાયેલી હોય કે બીજા જીવો સંકળાયેલા હોય.

આપણાં કર્મથી કરી જો જીવનમાંના રાગદ્વેષ મોળા પાડી શકાય ને બીજાને તેમ કરવામાં મદદરૂપ પ્રભુકૃપાથી જો નીવડી શક્યાં, ને કર્મમાત્રનો મૂળ હેતુ જીવનને કોઈ ને કોઈ રીતે ઊંચે તારવાપણામાં રહેલો છે, તેના વિના કર્મનો કશો જીવતો હેતુ જ ન હોઈ શકે. એવી સમજણ ને તે પ્રમાણેનું જીવનવર્તન પ્રકટાવી શકાય, તો એવાં કર્મ યજ્ઞભાવે કરવા કરાવવામાં જો આપણે જરાતરા પણ એની કૃપાથી ઉપયોગી નીવડી શક્યાં હોઈએ તો શું તેવાં કર્મ 'સેવા' નથી ?

**સેવાનાં કર્મ તો હળવા થવા કાજે છે**

કર્મમાં કર્મના ઉદય પ્રમાણે ને તેના હેત્વર્થે તે ફળ્યા કરે, ને કર્મમાંથી કર્મ આચરવાની યોગ્ય ઉત્તમ કળા પ્રકટ્યા કરે તે આપણે સમજતા રહેવાનું છે.

જે પોતે જ તેવાં કર્મોથી જો હળવા નથી થઈ શકયા, તો પછી તેવા જીવો બીજાને શું હળવા કરી શકવાના છે ? હા, જરૂર 'હોહા' થયા કરવાની ને પ્રચાર પણ થયા કરવાનો, પણ તે બધું માત્ર ઉપર ઉપરનું. રાગદ્વેષ વધવાના, ઘટવાના તો નહિ.

*('જીવનપોકાર', છઠ્ઠી આ., પૃ. ૨૫૩-૨૫૬)*

કુંભકોણમ્
તા. ૧-૪-૫૦

પ્રિય હંસાબહેન,

તમારો કાગળ મળ્યો છે. જન્મદિવસને પ્રસંગે આપણા સમાજમાં મિષ્ટાન્ન ખાવાનો રિવાજ છે તો તેનો હેતુ શો હશે એવો પ્રશ્ન જે પૂછ્યો છે તે યોગ્ય પ્રકારનો છે. જે કાળે એવો રિવાજ પડ્યો હશે તે વેળા જે કારણોથી તે રિવાજ પ્રચલિત બન્યો હશે તે કારણો તો આજે મોજુદ નથી. જે કારણોએ કરીને તે રિવાજ પડ્યો તે કારણો તો આજે અદૃશ્ય થયાં છે, માત્ર રિવાજ રહી ગયો. સમાજને મૂળમાં જવાની પરવા હોતી જ નથી. શરીર ટકાવવા કાજે ખોરાક ખાસ જરૂર. ને ખોરાકમાં ખાંડના તત્ત્વની પણ જરૂર રહે છે. ખાંડના તત્ત્વથી શરીરનું પોષણ અને વર્ધન પણ થયાં કરે છે. તેથી વારતહેવારે ને સારા પ્રસંગે મિષ્ટાન્નનો રિવાજ પડેલો હોય. આજે તો લોક જરૂર કરતાં વધારે ખાંડ ખાતા થઈ ગયેલા છે. ને ઊલટું શરીરને નુકસાન થાય એટલી હદ સુધી ખાંડ લેવાતી થઈ ગઈ છે, તેવી વેળા જેટલી ખાંડ કે ગળ્યું ઓછું વપરાય તેટલું શરીર કાજે ઉત્તમ. જો રોજ ચ્હા કોફીના પીણામાંથી, શાક આદિમાંથી ખાંડ નીકળી જાય તો પછી વારતહેવારે પચી શકે તેવાં મિષ્ટાન્ન હોય તો તે યોગ્ય ગણાય.

જન્મદિવસ માત્ર મિષ્ટાન્ન ખાવા પૂરતો હોતો નથી. જન્મદિવસ તો શરીર દ્વારા - શરીર જે સાધનરૂપે મળેલું છે, જે કાજે શરીર મળેલું છે, તેનું ભાન જગાડવા કાજે ઉત્તમ ભાવનામાં તે દિવસ પસાર થાય તો તે જન્મદિવસ ઉત્તમ રીતે ઊજવ્યો ગણાય. વળી બાળક તો એવું કશું ના કરી શકે ને તેવું સમજી પણ ના શકે તેથી, તેનાં માબાપે તે દિવસે તેનામાં - એના જીવનમાં - ઉત્તમ પ્રકારની સદ્ભાવના પ્રવર્તે તે કાજે તે દિવસનો બને તેટલો સમય પ્રાર્થના ભાવે ગાળવાનું કરવું ઘટે. ગોળને આપણામાં ઉત્તમ શુકનના નિમિત્ત તરીકે ગણ્યો છે તેનું કારણ પણ તેમાં ખોરાક દૃષ્ટિએ તેમ કરેલું હોવાનો સંભવ છે. ખાંડ કરતાં ગોળ કહે છે કે પચવામાં સરળ છે. વધારે પડતું ગળપણ શરીરને નુકસાન કરતા છે. એવું માનવું છે.

વાંચીને આ કાગળ કાંતાને મોકલી આપશો કે જેથી નંદુ પણ વાંચી શકે ને સિદ્ધાર્થનો જન્મદિવસ કેમ ગાળવો એની સૂચના આમાંથી તેમને મળે.

**તા.ક.**

વળી જન્મદિવસ ઊજવવાનું અનેક કારણોમાંનું એક મુખ્ય કારણ તો મળેલા શરીરની મહત્તા આપણામાં જાગે તેટલા કાજે છે. શરીર દ્વારા જ જે તે સાધન થઈ શકે છે. શરીર દ્વારા જ જે તે બધું છે. તેથી શરીર કાજે મનમાં ખૂબ ભાવના જાગે તેથી તેના જન્મનો દિવસ ઊજવવાનું કર્યું હોય. જન્મદિવસ જો શક્તિ હોય તો જે જીવો અપંગ, આંધળાં છે તેમને જમાડીને આપણને જે સારું શરીર મળેલું છે તેની કૃતજ્ઞતામાં આપણે તેમ કરવું ઘટે, ને તે કરવાનું હોય તે તેમના ભલા કાજે નહિ પણ આપણા પોતાના જ શ્રેય કલ્યાણ કાજે ને તે ઉત્તમ ભાવનાવાળો હોય ને કુટુંબના બીજાં ગરીબ હોય તો પેલો શ્રીમંત જીવ પોતાનાંને ઉપયોગમાં આવી શકે તેમ સમાજમાં ઉપલાં નબળાં અંગોને પોષણ કરવાનો ધર્મ ધનવાનોનો છે.

*('પાડજો પગલા પ્રભુ', પ્ર.આ., પૃ. ૧૪-૧૬)*

### એવી અમ સાધુડાંને ટેવ છે.

**જેનું લઈએ તેનું દઈએ અમે, રાખીએ સમતોલ;**
**ઘટતું કે વધુ નવ તોલીએ, દઈએ સરખાં જ મોલ.**
**-એવી...**

**અમારો વેપાર શ્રીનામનો, એની સાથે જ કામ;**
**એ સાથ જેનો વ્યવહાર છે, અમ પિયર એ અમ ધામ.**
**-એવી...**

**અમારે નાનમ મોટપ નથી, નથી શરમ ને લાજ;**
**ઘરબાર ને ખેતર નથી, અમે ફરીએ બેતાજ.**
**-એવી...**

**અમે તો રાજા અમ પિંડના, અમે અમારા શિરતાજ;**
**કોઈના કહ્યામાં અમે નથી, અમારો પ્રેમ-રાજ.**
**-એવી...**

**સારાયે વિશ્વમાં વર્તતી, અમ વહાલા કેરી આણ;**
**અમારે તે ઓછપ શી પછી ? જ્યાં જઈએ ત્યાં એંધાણ.**
**-એવી...**

**અમોને ભટકવાની ટેવ છે, રહીએ એક ન ગામ;**
**અમારા ઠેકાણાં કશાં નહિ, અમે તો બેઠામ.**
**-એવી...**

**સ્વેચ્છાચારે ફરતાં જુએ, અમને જગ બેલગામ;**
**અમે તો ધણી કેરાં ઘોડલાં, અમને એની લગામ.**
**-એવી...**

**જગના તમે લોક રાખજો, જો રખાય તો હેત;**
**અમે તો આવીશું ભીખ માગતાં, પુકારી અહાલેક.**
**-એવી...**

**'જીવનપગથી', દ્વિ.આ.; પૃ. ૧૨૯ - શ્રીમોટા**

શ્રીમોટાની હજારો રચનાઓમાં આ એકમાત્ર રચના ઊંચા પ્રકારની રહસ્યમય કવિતા છે. કાવ્યકલાની દૃષ્ટિએ પણ આ રચનામાં ઘણી ખૂબીઓ છે, પરંતુ કવિતા કલાની દૃષ્ટિએ આ રચના તપાસવી જરૂરી નથી, કેમ કે શ્રીમોટાએ આ રચના કાવ્યકલાના સર્જનના હેતુથી લખી નથી. આ તો એમના હૃદયમાંના પરમાત્માનુભવમાંથી પ્રગટેલી છે અને આ રચનામાંથી અનુભવદશાની આછી આછી પણ તેઓશ્રીની મસ્તદશાની, તેઓશ્રીની આંતર-અવસ્થાઓની અને તેઓશ્રીનાં બાહ્યાંતર કાર્યોની આપણને ઝાંખી થાય છે.

આપણે ભાગ્યે જ વાંચી હોય એવી પહેલી પંક્તિ છે. પહેલો શબ્દ જ કશીક રહસ્યમયતા પ્રત્યે આપણામાં ઊંડી જિજ્ઞાસા જન્માવે છે.

**'એવી અમ સાધુડાંને ટેવ છે.'**

'એવી' શબ્દ વાંચતા જ 'કેવી' શબ્દથી આપણા મનમાં પ્રશ્ન જાગે છે. 'એવી' શબ્દથી કોઈ વાક્ય શરૂ થયું આપણે ક્યારેય વાંચ્યું છે ? 'એવી' શબ્દનો સંબંધ 'ટેવ' સાથે છે. 'એવી ટેવ છે.' પણ કેવી ટેવ છે એમ લખ્યું નથી. 'સાધુડાં' શબ્દ લાક્ષણિક છે. આપણને 'સાધુ' શબ્દ પરિચિત છે. 'સાધુ' શબ્દથી આપણી દૃષ્ટિ સમાજ પાસેથી ભિક્ષા માગીને નિર્વાહ કરી કે આશીર્વાદ બોલ્યા કરતી વ્યક્તિ ઊભી થાય છે, પરંતુ અહીં શ્રીમોટાએ પોતાને 'અમ સાધુડાં' તરીકે ઓળખાવ્યા. 'હું' નહિ પણ 'અમે'. એટલે 'સાધુડાં'-જેણે પરમદશાને સાધી લીધી છે-પામી લીધી છે એવા; 'બધે જ પ્રસરેલા છીએ' એવા સતત અનુભવમાં રહેતા એવા. સર્વ વ્યાપકતાના, સચરાચરના અને સર્વ સામર્થ્યના અનુભવમાં રહેલા 'પોતાના' રૂપની અને પોતાના દ્વારા વ્યક્ત થતી મસ્તદશાની ઝલક આપતાં આપતાં પોતાની 'ટેવ'ને છેક છેલ્લી પંક્તિમાં શ્રીમોટાએ વ્યક્ત કરી છે.

'એવી અમ સાધુડાંને ટેવ' કહ્યા પછી એ ટેવની લાક્ષણિકતા દર્શાવી છે, પણ ટેવનું રહસ્ય ખોલ્યું

નથી. શ્રીમોટા કહે છે કે 'અમે જેનું લઈએ છીએ તેનું તેને દઈને બધું સમતોલ રાખીએ છીએ. વધતું કે ઘટતું અમે તોલતા નથી. જે આપે છે તેને સરખાં જ 'મોલ' દઈએ છીએ'. આ પંક્તિમાં બે ક્રિયાઓ સૂચવાઈ છે. 'લેવાની' અને 'દેવાની'. આપણી બોલચાલમાં 'લેવાદેવા' શબ્દ આવે છે. એના પરથી 'લેણદેણ' શબ્દ છે. આ પ્રક્રિયા સર્વત્ર સતત ચાલ્યા જ કરે છે. શ્રીમોટાએ 'લેવાની' સામે 'દેવાની' ક્રિયા દર્શાવવા માટે 'આપવાની' શબ્દ નથી વાપર્યો એ સૂચક છે. (આ તો માત્ર સમજાવા ખાતર શ્રીમોટાએ આ શબ્દ 'વાપર્યો છે' 'નથી વાપર્યો' એમ લખવું પડે છે. હકીકતમાં શ્રીમોટાની આ સહજવાણીમાં એવો પ્રયત્ન હોય જ નહિ) 'દેવાની ક્રિયા'માં દેનાર 'દાતા' છે, એવું ગર્ભિત રીતે સમજવાનું છે, પરંતુ આ પંક્તિમાં કોઈ તેઓશ્રીને આપતું નથી, પોતે જેની પાસેથી જે લે છે, તેનું તેને આપે છે. આ પંક્તિમાં આ મસ્ત અવધૂત-પરમાત્માનો ઓલિયો-શું લે છે ને શું દે છે એ સૂચવતો નથી. વળી પાછું આવી ગૂઢ પ્રક્રિયા દ્વારા એ બધું સમતોલ રાખે છે. કોઈને ઘટતું કે વધુ તોલતા નથી એમ કહેવા પાછળનો મર્મ પણ સમજવા જેવો છે. તોલ કરવામાં મધ્યનો કાંટો સ્થિર રહે તો સરખું તોલાય. 'લેણદેણ'ની એક સૂક્ષ્મ પ્રક્રિયા દરમિયાન પોતે 'પરબ્રહ્મ'રૂપે અવિચર-સ્થિર બની રહે છે. ત્રાજવાના કાંટાને દેખીતી રીતે બે પલ્લાં સાથે કશી 'લેવાદેવા' ન હોવા છતાં એની ઊર્ધ્વ અને સ્થિર અવસ્થાથી, એ પલ્લાંની સમાનતા સિદ્ધ થતી હોય છે. 'પોતા'થી થતું હોવા છતાં એ નિર્લેપ અને સાક્ષી છે.

આડવાત લાગે તોપણ યાદ આવે છે માટે એ વાત લખવી જોઈએ. શ્રીમોટાએ કિશોર અવસ્થામાં અનાજના વેપારીને ત્યાં તોલાટ તરીકે કામ કરેલું. વેપારીએ વધુ અનાજ ખેંચી લેવાની યુક્તિ દર્શાવી હતી, પણ એમણે પોતાના શેઠનું ફરમાન સ્વીકાર્યું ન હતું, પરંતુ ભીતર બેઠેલા 'ધણી'ને ગમે તેવુંજ આચરણ કરેલું. કિશોર અવસ્થામાં પણ 'સમતોલ' કરતા હતા. પરિણામે એમણે શેઠની ધોલધપાટ ખાઈને નોકરી છોડી. આર્થિક ઉપાર્જનનો એક ટેકો ગુમાવ્યો, પણ એ વખતે એમણે અંતરની મૂડી મેળવી લીધી. દુનિયાના લોકોને આ વાત મૂર્ખતાભરી જ લાગે, પણ એ વખતના ચૂનીલાલના હૃદયમાંનો તોલાટીકાંટો સ્થિર થયો હતો.

આ પંક્તિમાં 'દઈએ સરખાં જ મોલ !' અત્યંત રહસ્યમય પંક્તિ છે. તેઓશ્રી આપણી પાસેથી શું લે છે અને શું આપે છે એ કશું જ કહ્યા વિના 'લેણદેણ'ની અદ્ભુત વાત ખુલ્લી કરતા જાય છે. તમે શોધો-ખોળો-મનન કરો-કે આપણને આપવા જેવી કઈ ચીજ લઈને આ ભગવાનનો ઓલિયો 'સાધુડા'ના આંતરરૂપ સાથે નીકળ્યો છે ! 'સરખાં જ મોલ' તદ્દન સરખાં 'જ' મોલ દે છે-એવો આ દાતાર માનવદેહે પ્રગટ્યો છે ! પ્રભુ સ્વયં પ્રગટ્યા છે ! 'જ' દ્વારા ચોકસાઈથી ખાતરી અપાઈ છે. 'મોલ' શબ્દનો અર્થ થાય છે 'પાક'. સરખો 'પાક' આપે છે. આપણે જ્યારે 'મોલ' શબ્દનો અર્થ સમજીએ એટલે શ્રીમોટાની રહસ્યમય વાણીનો થોડોક મર્મ ખૂલે છે. ખેડૂત 'સરખો પાક' પામે છે એનો અર્થ એવો છે કે ગરમીના દિવસોમાં જમીન ખેડીને એણે જે બીજ વાવેલાં એ ચોમાસામાં વરસાદ પડતાં પુષ્કળ પ્રમાણમાં ખીલી ઊઠ્યાં. પરિણામે એ વાવ્યાં પ્રમાણેનો સરખો મોલ પામ્યો. એટલે એક બિયારણ સામે એક નથી, પણ એક સામે અનેકગણો મોલ મળ્યો છે. આ જ અર્થમાં જે કોઈ પોતાના જીવનને આકરા, કારમા અને દુઃખદાયક પ્રસંગો અને પરિસ્થિતિમાં જ્ઞાનપૂર્વકની તપસ્યા કરીને, પોતાના જીવનની ભાવનાથી ખેતી કરે છે, એમાં પ્રભુભાવનાં બીજ વવાય છે. દરેક પરિસ્થિતિ કે પ્રસંગમાં આપણું કયા પ્રકારનું કલ્યાણ છે એ શોધાય અને એવો હેતુ નજર સમક્ષ રહે એ પ્રભુભાવનાં બીજ છે. આ રીતે

જીવનની જે તપશ્ચર્યા કરે છે એના જીવનમાં કૃપારૂપી વરસાદ આવે છે ત્યારે જીવનની તપશ્ચર્યા દરમિયાન વવાયેલાં ભાવનાનાં બીજ જીવનના અણુ-અણુમાં ખીલે છે. આવો 'સરખો મોલ' આપણને પ્રભુકૃપાથી મળે છે. આ 'સરખાં જ મોલ'ના દાતા શ્રીમોટા પોતાની આવી 'માલામાલ' કરતી 'સરખાં જ મોલ દેવાની' ટેવની જાહેરાત કરી દે છે.

એ પછીની કડીમાં શ્રીમોટા લખે છે કે પોતે 'શ્રીનામ'નો વેપાર કરે છે. એથી પોતાની પાસે 'શ્રીનામ'નો અખૂટ ભંડાર છે. એમાંથી કોઈ લઈ જશે કે લૂંટી જશે તો સહેજ પણ એ ઓછો થનાર નથી. એવા 'હરિનામ'ના આ ભંડારીએ કહ્યું કે 'શ્રીનામ સાથે જેનો વ્યવહાર છે એ જ અમારું ધામ છે, એ જ અમારું પિયર છે.' એ જીવાત્મા 'હરિનામ' માટે સહેજ પણ તત્પર છે, એનો એ સહેજ આરંભ કરે છે તેની સાથે જ આ વેપારી પોતામાંના ખુલ્લા ભંડારમાંથી ધોધ વહાવે છે. શ્રીમોટા સાથે મન, બુદ્ધિ કે અન્ય કોઈપણ રીતે પરિચયમાં આવનારને અનુભવ છે કે પ્રાર્થનાપૂર્વક થોડીક જ વાર માટે 'હરિઃૐ' બોલાતાં પછીથી હરિનામના રટણમાં જે વેગ અનુભવાય છે એ શ્રીમોટાની સૂક્ષ્મ દેણગીવાળા વેપારનું પરિણામ છે. જે આવો વ્યવહાર કરે એના હૃદયમાં 'પોતાનું' સ્થાન છે એમ તેઓશ્રીએ નિશ્ચિત કરી આપ્યું છે. આ ધામ એટલે પરમધામ. પ્રભુનું ધામ. એ આપણા હૃદયમાં છે, પણ આપણાથી જ્યારે તેઓશ્રીએ સૂચવ્યા મુજબનો વ્યવહાર થાય ત્યારે જ એ પ્રતીતિમાં બેસે.

વળી તેઓશ્રીએ એ જ ધામને 'પિયર' કહ્યું છે. પરણેલી કન્યા માટે બાપનું ઘર એ 'પિયર' ગણાય છે. શ્રીમોટાએ પોતાની ઉચ્ચતમ અનુભવદશામાંથી ઉચ્ચારેલો આ શબ્દ અત્યંત માર્મિક છે. પિયરમાં પોતે જેમ ફાવે તેમ વર્તે. એટલે કે પોતાની પ્રકૃતિને વશ થઈને વર્તે તો ત્યાં કશો વાંધો નથી હોતો. એટલે કે પ્રકૃતિ કે સ્વભાવને વશ જીવ મોજથી વર્તે એ એનું પિયર છે. શ્રીમોટા અનુભવથી પોતે પરમાત્મારૂપ છે, એ સાથે સાથે નિમિત્તયોગે અનેક જીવો સાથે સર્વના હૃદયમાં બિરાજતા પ્રભુ સાથે 'એક રૂપે' છે. તે સાથે જીવમાત્રની પ્રકૃતિમાં ચેતન અંતર્ગત હોય એમ પ્રકૃતિ દ્વારા પોતાનાં નિમિત્તો સાથે સંકળાયેલા છે. આપણી પ્રકૃતિ પ્રભુભાવ અનુભવવા તત્પરતાવાળી નથી. એથી તેઓશ્રી આપણી પ્રકૃતિ દ્વારા આપણામાં પ્રવેશ પામીને પ્રભુભાવનાં બીજ મૂકે છે. આ ગૂઢ પ્રક્રિયા તેઓશ્રીએ 'જીવનપાથેય'માં સૂચવી છે. એ પુસ્તકની ચોથી આવૃત્તિના પૃ. ૧૩૪ પર લખ્યું છે કે 'ખુદ ભગવાન પણ પ્રકૃતિ દ્વારા લીલા કરી રહી ખેલતો હોય છે. એટલે મારા જેવાને પણ સૌ સૌની પ્રકૃતિ દ્વારા જ કામ લેવું પડે છે.'

જ્યારે તેઓશ્રીનું ચેતનરૂપ આપણી પ્રકૃતિ સાથે ભળે છે, ત્યારે પોતાનું 'પરમધામ' 'પિયર'માં રૂપાંતરિત થાય છે. આ તો તે જ ક્ષણનો તેઓશ્રીનો અનુભવ હોય છે. શ્રીમોટા ડભાણમાંના શ્રી રાવજીભાઈ પટેલના નિવાસસ્થાનને પોતાના 'પિયર' તરીકે ઓળખાવતા એનો મર્મ પણ આવો જ હતો. જ્યાં પ્રકૃતિ-સ્વભાવ સ્વેચ્છાથી બહેલતાં હોય એવું એ સ્થળ હતું. 'પોતે' આત્માના અનુભવમાં હોવા છતાં પોતાનાં નિમિત્તોની બધા જ પ્રકારની જીવદશા સાથે 'પોતે' રસરૂપ બનીને લીલા માણતા હતા. આવા ગૂઢ અર્થમાં તેઓશ્રીએ 'પિયર' શબ્દ યોજ્યો છે. **હરિઃૐ આશ્રમના મૌનએકાંત ઓરડાઓમાં બેઠેલા જીવો સાથે, એ સર્વના હૃદયમાં બિરાજેલા પ્રભુ-ચેતનરૂપમાં સક્રિય હોય છે. એથી તે તે જીવો પોતાની પ્રકૃતિ અને સ્વભાવનાં રૂપો નિહાળી શકે છે. એ અર્થમાં આશ્રમો એ 'હરિધામ' છે-'ધણીધામ' છે.**

આ પંક્તિઓમાં પણ એમ સૂચવાય છે કે જેઓ 'હરિનામ' લેનાર છે, એની સાથે જ વ્યવહાર કરવા ઇચ્છે છે એમનું એ સમયનું દિલ 'અમારું પરમધામ' છે. અને એ સિવાયની એવા જીવની અવસ્થામાં

'અમે' એમને છોડી દેતા નથી, પણ એવા જીવોની પોતાની પ્રાકૃતિક અવસ્થાઓમાં એમના અંતરમાં અમારું 'પિયર' છે. શ્રીમોટાએ 'પિયર' શબ્દ આવા વિશિષ્ટ અર્થમાં યોજ્યો હોય એવું સમજાયું છે.

પોતાના 'ધણીના ધામ'માં-'પોતાની અનુભવદશામાં તેઓશ્રીનું વર્તન હરિના નિયમને આધીન હોવાથી સંસારી જીવદશાની કોઈપણ વ્યક્તિ એને સમજી ન શકે. આ ભજનની ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી કડીઓમાં 'હરિ'ના ઈશારાના અનુભવનું-મસ્તદશાનું વર્ણન તેઓશ્રીએ કર્યું છે. જોકે પ્રત્યેક કડીનો મર્મ દર્શાવી શકાય એમ છે, પરંતુ એક લેખની મર્યાદામાં એ સમાય નહિ. એટલે આટલું જ સૂચવવું યોગ્ય છે. શ્રીમોટાની આવી અનુભવદશામાંથી-એવી જીવનની ગૂઢતામાંથી-જે વર્તન લોકોને દેખાય છે એનો ખુલાસો આ કડીમાં સૂચવાયો છે :

**'સ્વેચ્છાચારે ફરતાં જુએ, અમને જગ બૅલગામ;**
**અમે તો ધણી કેરાં ઘોડલાં, અમને એની લગામ.'**

આ કડીમાં એમ સમજાવાયું છે કે 'અમારું જગ (અમને) સ્વેચ્છાચારે-બૅલગામ ફરતાં જુએ છે.' અગાઉની કડીમાં કહ્યું છે કે સારાય વિશ્વમાં 'અમ વહાલા કેરી આણ પ્રવર્તે છે. જ્યાં જઈએ ત્યાં એનાં જ એંધાણ છે'-એથી બધું જગ-સારુંય વિશ્વ 'પોતા' રૂપમાં પ્રગટેલા વહાલા ધણી-હરિનું ધામ છે. એથી તેઓશ્રી 'અમ જગ' કહે છે. અણુપરમાણુમાં રહેલ 'હરિ' 'ચેતન'-એ ધણી છે. એ જ સકલના સ્વામી છે. પોતાને એની 'લગામ' છે. આ 'લગામ' એટલે અંકુશ નહિ, પણ જે દિશામાં જ્યારે જ્યાં જેટલું યોગયોગ્ય જણાય તેમ હરિના દોરવ્યા જ ગતિવિધિ થયે જાય એવો અનુભવ.

છેલ્લી કડીમાં આખીય રચનામાં રહેલી રહસ્યમયતાનો પડદો થોડોક ખૂલે છે. સરળ શબ્દોથી કેટલી બધી હૃદય સોંસરી ઊતરી જાય એવી એ વાત છે ! આ 'સાધુડો' કોઈ એક 'જન'ને નથી કહેતો, કેમ કે જગના સર્વ લોક-માનવમાત્ર-તેના સ્વજન છે. એમને કહે છે કે 'હે જગના લોકો, અમે તો અહાલેક પોકારી ભીખ માગતા આવીશું. તમારાથી રખાય તો હેત રાખજો.' હૃદયને હચમચાવી નાખે એવી આ અહાલેક છે. 'અહાલેક' કોણ પોકારે ? કેવા પ્રકારનો સાધુડો પોકારે ? જે સકળ બ્રહ્માંડનો સ્વામી છે-એવો પરમાત્મા જેના હૃદયમાં વશ થયેલો છે-એવા 'અહાલેક' પોકારી શકે ! આ સાધુડાનો આવો ગેબી પોકાર કંઈ આપણા કાને થોડો જ સંભળાય ? એ તો હૃદયના બારણાને હચમચાવી નાખે ! 'અહાલેક' પોકારીને આ 'સાધુડો' ભીખ માગતો ઊભો છે ! આપણા જમાનામાં પરમાત્મા માનવદેહમાં પ્રગટીને માગણના વેશમાં પધાર્યા છે. પરમપ્રેમીની કઈ ભીખ છે ? કશી જ નહિ ! આ માગણ લેવા આવ્યો છે ? ના. એ તો આપવા આવ્યો છે ! શું આપવા આવ્યો છે ? પ્રભુનો પરમપ્રેમ-જે અનરાધાર વરસી રહ્યો છે. એથી જ કશા જ પ્રકારની શરત વિના કેટલા બધા વહાલથી એ કહે છે કે 'રખાય તો હેત રાખજો.'-કશી ફરજ નથી પાડતો. કશો આગ્રહ નથી કરતો.

આપણાં સૌનાં હૈયાંની 'મૂડી' એ હેત છે. એ મૂડી જેની છે તેની સામે માત્ર ધરવાની છે, 'હેત' ધરાવવાનું છે. હેત 'અપાતું' નથી, હેત 'રખાય' છે. વિરાટ હૃદય સાથેના આપણાં હૈયાંના હેતના અનુસંધાન માત્રથી, એની પ્રેમવર્ષાથી આપણી જીવન-ખેતીનો 'મોલ' આપણે લણી શકીએ-અને 'માલામાલ' બની રહીએ-એવો પ્રેમ આ 'સાધુડા'ની મસ્તવાણી દ્વારા વ્યક્ત થયો છે.

હવે આપણાથી બીજું ભલે કશું ન થઈ શકે, પણ 'ભીખ માગતા' માગણના વિરાટ હૃદય સાથે આપણાં હૈયાંના તારને જોડ્યા જ કરીએ-જોડ્યા જ કરીએ. એમ કરવા મરી મથીએ.

*('મોટા' તો કોઈ ઑર છે, પ્ર.આ., પૃ. ૯-૧૮)*

જીવનમાં એવા પ્રકારના અસંતોષથી સાચેસાચ પસ્તાઈને તેમાંથી જે બચી ગયેલ છે ને ઊગરી ગયેલ છે, ને જે જે પ્રસંગ મળે છે તે તે જીવનના યોગ્ય વિકાસ કાજે યથાસ્થાને યથાયોગ્યપણે છે એવી સમજણ જેને ગળે પૂરેપૂરી ઊતરી ગયેલી છે, ને તેથી નવી ચેતનવંતી સમજણની ભાવનાથી જેણે જીવનને ઘડવાનું નિશ્ચયપૂર્વક સ્વીકાર્યું છે, તેવાની જીવનની સમજણમાં તો એક પ્રકારનો સમાધાનપૂર્વકનો યોગ્ય સંતોષ પ્રવર્તેલો તે અનુભવી શકે ખરો. પ્રસંગ તો જીવનને ઘડનારો છે, એવા પ્રકારની જ્ઞાનયુક્ત ભાવના તેવા તેવા પ્રસંગમાં જીવતી રાખીને જે જીવ પ્રસંગને તે ભાવે સ્વીકારીને વર્ત્યા કરતો હોય છે, તેને બીજાં કશાં જ સાધનની જરૂરિયાત રહેતી નથી. મૌનએકાંતનો યજ્ઞ પણ તેવી ચેતનયુક્ત સમજણ ને જાગૃતિ પ્રકટાવવા કાજે છે તે જાણજે. તારી સમજણ કાજે જરૂર માન ઊપજે છે ને તારી સમજણ જીવનમાં તને યોગ્યપણે ઘડાવાને કાજે પ્રભુકૃપાથી એવી પ્રકટ્યા કરે એ જ પ્રાર્થના છે.

### જીવદશાના અસંતોષને ટાળો

ક્યાંય કશે પરિસ્થિતિના જીવદશાના અસંતોષને સ્થાન જ ન આપવું એવા અસંતોષથી તો જીવન કારમું કારમું થઈ પડે છે. જોકે તેવા જાગેલા અસંતોષથી બળતા જીવને તેનું તેવું તે પ્રકારનું ભાન પણ જાગતું હોતું નથી. જીવ પ્રકારની દશામાંથી પ્રકટેલો અસંતોષ તો એકદમ પરખાઈ જતો હોય છે. એનાથી તો જીવ કકળાટ કરી ઊઠતો હોય છે. એનાથી કોઈક કોઈક જીવ તો ચીડિયા પણ બની જતા હોય છે. અમુક પ્રકારના માનસિક અસંતોષના પરિણામે જુદા જુદા રોગના ભોગ પણ કેટલાક થઈ પડતા હોય છે. જીવદશામાંથી પ્રકટતા અસંતોષના રાવણનાં માથાં કાપો એટલાં પાછાં નવાં નવાં પ્રકટતાં હોય છે. એ અસંતોષ જુદી જુદી રીતે પ્રકટ થયા કરે છે. ને જીવનમાં ન તો પોતાને જંપ વળવા દે ને ન તો જે પોતાની સાથે વળગેલા હોય તેને જંપ વળવા દે. પોતે જ અશાંત બન્યા કરે ને પોતાનાથી કરી પોતાની સાથેનાંને પણ અશાંત બનાવે છે. પછીથી કોઈ અશાંત ન બને તે વળી નોખી વાત છે. એવો અસંતોષ જે જીવમાં છે, તેને પ્રસન્નતા ક્યાંથી હોય, તો એને વળી શાંતિ ક્યાંથી હોય ? એવાનામાં વળી ઠામઠેકાણાં શાં હોય ? એવા જીવવાળાની દશામાંથી ઉત્તમ પ્રકારની સમજણ પ્રકટે પણ શી રીતે ? એવા પ્રકારના અસંતોષથી પીડાતાં જીવો તો મહેણાંટોણાં મારવામાં પણ કે સંભળાવવામાં પણ પાછા ન પડે. પોતે એનાથી બળતા હોય ને બીજાને પણ બાળવાને તેનો તે પ્રકારનો અસંતોષ તેને ઉશ્કેરાવે છે. એટલે તારી મૌન બાબતની સમજણ (એવા એવા પ્રકારના અસંતોષમાંથી કોઈ જીવની બાબતમાં તો ઈર્ષા-અદેખાઈ પણ જન્મતાં હોય છે) છેક ઉપલા પ્રકારના થરના અસંતોષમાંથી પ્રકટેલી છે, એમ તો નથી જ. જીવનમાં પ્રકટેલી દશામાં તે દશાનું જ્ઞાનપૂર્વક સમાધાન પ્રકટાવીને જીવવામાં, વર્તવામાં ડહાપણ રહેલું છે.

### જીવદશાનો અસંતોષ ને સાધનાની ઉત્કંઠા

જીવવિકાસની ભાવના બળવત્તરપણે પ્રકટે, તે કાજેનું યોગ્ય સાધન હોય તે જો આપણાથી લઈ શકાય, તો યોગ્ય એવા પ્રકારની ઉત્કંઠા હૃદયમાં જીવતી પ્રવર્ત્યા કરતી રહે તો તે તદ્દન યથાર્થ છે. આવા પ્રકારની જે ઉત્કંઠા છે, તેમાં ઘણી અધીરાઈ હોય, ને જીવદશામાંથી પ્રકટેલો અસંતોષ ને તેમાં રહેલી અધીરાઈ-એ બંને પ્રકારની અધીરાઈમાં

આભજમીનનો તફાવત છે. બંનેની ભૂમિકા જ જુદી જુદી દિશાની છે. તેથી તેમની વચ્ચે સરખામણીને તો સ્થાન જ નથી. યોગ્ય સ્થિતિ થવા કાજે સાધનના અભ્યાસથી થતી અનુભવદશા માટેની ઉત્કટ ઝંખના, ઉત્કંઠા, સદ્ભાવપૂર્વક આપણામાં હોવી તે તો ઘણું ઘણું જરૂરનું છે. એવા પ્રકારની ભભૂકતી ઉત્કંઠાએ કરીને કેટલાય સંતભક્તોએ પોતાનું સર્વસ્વ પળવારમાં સમર્પણ કરી દીધું છે, ને શ્રીભગવાનનાં ચરણકમળે દોડી ગયા છે.

**પ્રતિકૂળ સંજોગો પરત્વે વલણ**

તેવું ન બની શકે તેવા સંજોગો હોય, તો તેથી નાસીપાસ થઈ જવાની જરૂર ન હોય, તેમ જ નાઉમેદ થઈ જવાની જરૂર ન હોય. ધીરજ તો પૂરતી રખાય. એવી ઉત્કંઠાથી જાગેલી ભાવનાથી જીવનના ચાલુ વર્તમાન સંજોગોમાં પ્રભુસ્મરણ-ભાવનાને પ્રકટાવવાને યોગ્ય રીતે મથ્યા કરવાને જીવતા રહ્યા કરીએ, તો તેવી જાગેલી ઉત્કંઠાનો યોગ્ય ઉપયોગ થયો ગણાય અથવા આપણને જે સાધન મળેલું હોય તેનાથી જીવનને ઉઠાવવા કાજેનો પૂરેપૂરો જીવતોજાગતો પ્રયત્ન એની કૃપાથી કરતાં રહીએ, તો જ તે મળેલું છે તેનાથી જરૂર કૃતાર્થ થતા રહીએ એ સત્ય હકીકત છે ને એની નિશ્ચિતતામાં જરા પણ ફરક નથી.

**સમર્થનની ઓથનો પ્રચંડ આત્મવિશ્વાસ**

પોતાને સમર્થ મળી ગયેલા છે એવો જેને આત્મવિશ્વાસ પ્રકટી ગયેલો છે. એવા જીવને સાધન મળી જ ચૂકેલાં છે એમ નિશ્ચયપૂર્વક સમજવું ને માનવું. એવા હૃદયનો પ્રકટેલો આત્મવિશ્વાસ જબરજસ્ત પરિણામ પ્રકટાવી શકે છે. આ જીવ વિશે તારા પોતાના ખરેખરા અનુભવની પાકી ખાતરી પાક્યા વિના એમનું એમ તારે કશું જ માની ન લેવું એવી મારી તને વારંવાર સલાહ છે. એવો તને અનુભવ થાય તો તો પછી એક બાજુ સારુંય જગત સામે હોય ને બીજી બાજુ તું એકલી જ ઊભી હોય છતાં તું તારા નિર્ધારમાંથી પાછી હઠી ન શકે તો તારો અનુભવ સાચો ઠરે. અનુભવમાંથી પ્રકટેલી સમજ એવી ચેતનવંતી મક્કમતાને પ્રેરે છે એવો આ જીવનો ચેતનવંતો અનુભવ છે.

*('જીવનપોકાર', છટ્ઠી આ., પૃ. ૨૭૦-૨૭૩)*

## 'હરિઃૐ ગુંજન'ને ભેટ

| | | |
|---|---|---|
| (૧) | ઈન્દ્રવદનભાઈ બી. લેખડિયા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી હરિઃૐ આશ્રમ, નડિયાદને ભેટ | રૂ. ૧,૦૦,૦૦૦/- |
| (૨) | કિરીટભાઈ બળવંતભાઈ જોષીના માતુશ્રી સ્વ. સુભદ્રાબેન જોષીના સ્મરણાર્થે (ગાંધીનગર) | રૂ. ૧૧,૦૦૧/- |
| (૩) | દર્શિનીબેનના સસરા તથા જગતભાઈના પિતાશ્રી સ્વ. બંસીભાઈ કોન્ટ્રાક્ટરના સ્મરણાર્થે (અમદાવાદ) | રૂ. ૫,૦૦૧/- |
| (૪) | સ્વ. ચંપાબેન પ્રભુદાસ મિસ્ત્રી (નડિયાદ) | રૂ. ૫,૦૦૦/- |
| (૫) | ગુણવંતભાઈ ચંદુભાઈ ઠક્કર (અમદાવાદ) | રૂ. ૫૦૧/- |

**ઉપરોક્ત સર્વે સ્વજનોના અમો આભારી છીએ.**

કરાંચી
તા. ૧૭-૧૨-૧૯૪૩

આપણે (ખરી રીતે તો શરીર) ઊંઘતા હોઈએ છીએ, ત્યારે પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો પણ બાહ્યપણે તો જડ જેવી બનેલી રહે છે. ત્યારે આપણે કાનથી સાંભળતા હોતા નથી, આંખથી જોતા નથી, નાકથી સૂંઘતા નથી, જીભથી સ્વાદ લેતા નથી, ત્વચા (ચામડી)થી સ્પર્શ કરતા નથી, તેવી જ રીતે પાંચ કર્મેન્દ્રિયોથી પણ કશું કરતા લાગતા હોતા નથી, પરંતુ તે ઇન્દ્રિયોનું abstract essence (subtle element) સૂક્ષ્મ ભાવાત્મક ચેતનસ્વરૂપ અંતરમાં સૂક્ષ્મ દેહ સાથે ત્યારે કેન્દ્રિત થયેલું રહ્યા કરે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર પણ ત્યારે ઊંઘતાં નથી હોતાં, પરંતુ શરીરનું ઊંઘવાપણું બનેલું હોવાથી તેમની તેમની તેજસ્વિતાની માત્રા ઘણી વધેલી હોય છે. તેથી સ્વપ્નમાં આપણે બધીયે ઇન્દ્રિયોથી કામમાં પરોવાયેલા કે કામ કરતા હોઈએ એવું જણાય છે. તે વખતે જે ઇચ્છા જાગે તે ઇચ્છાનું પરિણામ તાત્કાલિક ભોગવતા હોઈએ છીએ એવું પણ લાગે છે. ઇચ્છાની સાથે જ (તે ઇચ્છા ચિત્તમાં પડ્યા રહેલા સંસ્કારો પ્રમાણેની હોય છે) આપણે તે પરિણામમાં પડેલા દેખાઈએ છીએ. આપણે એક સ્થળેથી બીજે સ્થળે તાત્કાલિક જઈએ છીએ. આમ, સ્થાનનો ભેદ રહેતો નથી. વળી સ્વપ્નાવસ્થામાં આપણે માત્ર થોડી પળોમાં જે જે ભોગવ્યા કરેલું હોય છે તે તે બધું જો દિવસના જાગ્રત કાળમાં તે જ રીતનું ભોગવવાનું આપણે હોય તો એનાથી તો કેટલાય ઘણો વધારે કાળ લાગે જ. આ ઉપરથી સમજાય છે કે સ્વપ્નાવસ્થામાં સ્થળ અને કાળની મર્યાદા ઘણી વિસ્તૃત થઈ જાય છે, એટલે કે ઘટી જાય છે. સ્વપ્નાવસ્થામાં આમ હોય તો આત્માની સ્થિતિમાં તો સ્થળ અને કાળ સપૂચાં ન રહે એ બુદ્ધિથી સમજી શકાય તેવું છે. સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મ દેહમાં (એટલે કે વાસના દેહનાં) પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર એ બધાં શરીરનાં સ્થૂળ જાગ્રત સ્પર્શ વિનાનાં હોવાથી તેમની સૂક્ષ્મતા વધે છે. તો જો ભગવાનની ભાવનામાં તે બધું રમતું થઈ જાય તો તેમની સૂક્ષ્મતાનો તો ત્યારે પાર જ ન આવે. આ બધી બુદ્ધિની કોરી સમજણ છે. પરંતુ તે હકીકતે જેવું બને તે તેવું બતાવવા જણાવેલી છે. આવું દરેક જીવાત્મા જાતે અનુભવી શકે છે ને બુદ્ધિથી પાકું સમજી શકે છે. એટલે સ્થળ અને કાળ એ બન્નેનો પણ લોપ થઈ જવો શક્ય છે; એ બુદ્ધિમાં ઊતરી શકે એવું હકીકતે છે.

જેમ નાનાં બાળકોને જ્ઞાન મેળવવા માટે રમકડાં આદિ સાધનો છે અને તે તે કાળે તેમાં રમીને તે આનંદ મેળવતું હોય છે, ત્યારે તે બધાં હકીકતે સત્ય જ તેને લાગતાં હોય છે; પરંતુ મોટું થતાં અને એની પ્રત્યેનો એનો દૃષ્ટિકોણ (દૃષ્ટિ, વૃત્તિ ને વલણ) બદલાતાં તે રમકડાં આદિ તેને ત્યારે જરૂરનાં નથી રહેતાં; તેવી રીતે **આપણું શરીર, તેની રચના, અને સારુંયે વિશ્વ એ જ્ઞાનપ્રાપ્તિનાં સાધનરૂપે સત્ય છે અને તે અનુભવાયા પછી આત્માના આનંદલીલા વિસ્તાર માટે પણ તે સત્ય રહે છે.**

પરંતુ પૂજ્ય મામાએ પૂછેલું કે : 'આ જગત જ ભગવાને શા માટે ઉત્પન્ન કર્યું કે જેથી આ બધાં સુખદુઃખાદિ ભોગવવાનું જીવને આવે છે ? તે કર્યું ન હોત તો જીવ પણ ન હોત ને જગત પણ ન હોત ને આ બધી માથાકૂટ જ ન રહેત.' હવે આ વિશ્વ ઉત્પન્ન થયેલું છે કે કેમ એ જ એક મોટો જ્ઞાનનો ચર્ચાસ્પદ વિષય છે. ખરી રીતે જોતાં તો આ બધું જે દેખાય છે તે અણુઓ અને પરમાણુઓનું બનેલું છે અથવા એ બધું અણુઓ અને પરમાણુઓ જ છે. પરમાણુને વિજ્ઞાનવેત્તાઓએ તોડીને જોયું તો ત્યાં તો

માત્ર બે "તત્ત્વો" કે જેમને જડ એટલે કે Matter પણ ભાગ્યે જ કહી શકાય એવાં રહ્યાં. તેમાંનું એક (પ્રોટોન) Proton મધ્યવર્તી હોય છે અને બીજાં (ઇલેક્ટ્રોન) Electron) તેની આસપાસ માપી ન શકાય એટલી ગતિથી સતત ફર્યા જ કરતાં હોય છે તેનાથી પણ આગળ જતાં (ન્યુટ્રોન) Neutron એટલે કે જેમાં વિદ્યુતશક્તિ સ્થગિત થઈ ગઈ છે એવું કશુંક જડ્યું. પણ એ **ન્યુટ્રોન એટલે બીજું કાંઈ જ નહિ પણ પેલા પ્રોટોન અને ઈલેક્ટ્રોનનો સ્વાભાવિક-ખૂબ ગૂઢ-બિલકુલ અંતર વિનાનો એવો ગાઢ સંયોગ. તેનાથી આગળ મારી સમજણ પ્રમાણે તે લોકો હજી શોધી શક્યા નથી.** એવો ગાઢ સંયોગ કયા કારણથી થાય છે ને એની પાછળ શો હેતુ છે ને એ કોણ કરાવે છે તે બધું તેમની કલ્પનામાં હજી આવ્યું નથી; એટલે **આમ આપણા શાસ્ત્રાનુસાર પુરુષ અને પ્રકૃતિ એ બે તત્ત્વો અનાદિ છે અને પ્રકૃતિ પણ પુરુષને કેન્દ્રવર્તી હોવાથી પુરુષની જ છે એમ ગણી શકાય, અને પુરુષમાં લય પામતાં પ્રકૃતિ પણ રહે નહીં અને તે પછી પણ જે તત્ત્વ અગમનિગમનું છે,** જેને અનેક નામોથી આપણા શાસ્ત્રકારો, ઋષિમુનિઓ કહી ગયા છે તેનો પણ અનુભવ થાય ખરો.

આપણો મનુષ્યદેહ એ જ પરમાત્મા જ્ઞાનપ્રાપ્તિનું એકમાત્ર સાધન છે એ વાત પૂ. મામા આગળ નીકળેલી. **માનવી દેહ વિના તેવું જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્યતા કોઈ પણ યોનિમાં નથી તે પણ જેવું આવ્યું તેવું સમજાવેલું.** આપણામાં ચૌદ લોક રહ્યા છે અને તે દરેક લોકમાં જુદા જુદા પ્રકારની ઈષણાઓ જ માત્ર બળવત્તરપણે ભોગવાયા કરાતી હોય છે; અથવા ભોગવ્યા કરવાની ત્યાંના જીવાત્માઓને તીવ્ર, સૂક્ષ્મ લોલુપતા રહ્યા કરે છે. તેવા તેવા મનુષ્ય સિવાયના બીજા યોનિશરીરમાં તે યોનિના દેહ પૂરતી તે કાળ દરમ્યાનની જે કામના હોય છે તે કામનાના ઘેરાયેલા વાતાવરણમાં અને તેની જ બળવત્તર પ્રમાણમાં જીવતીજાગતી કામના તેને રહ્યા કરે છે અને જેમ જેમ ઊંચા કે નીચા પ્રકારની યોનિ તેમ તેમ તેમનું તેવા તેવા પ્રકારનું તેવી તેવી કામનામાં જ અટવાયા કરવાનું બને છે. અને એકમાત્ર તે કામનામાં તેઓ આવરાઈ ગયેલા હોય છે. આ બધું એકલા નીચલા થરના જીવાત્માઓ માટે જ નથી, પણ પુણ્યશાળી જીવાત્માઓ માટે પણ છે. તેથી જ આપણામાં કહેલું છે કે પુણ્ય પૂરું થાય ત્યારે મૃત્યુલોકમાં તેવાઓ પાછા આવે છે. એટલે સર્વ યોનિમાંથી પાછું માનવી દેહમાં જ આવવું પડે છે, અને એ સ્થિતિમાં જ જ્ઞાનનો ઉદય થવા વારો આવે છે એમ આપણા શાસ્ત્રકારોએ ગણ્યું છે, **'મનખા દેહ મોંઘો છે, દુર્લભ છે'** એવી લોકોક્તિ એથી આપણા સંસ્કારમાં જન્મીને રહ્યા કરેલી હશે.

*('જીવનસંદેશ', સાતમી આ., પૃ. ૧૮૧-૧૮૪)*

## હરિઃૐ ગુંજનના સ્વજન/ગ્રાહક જોગ નિવેદન

**હાલમાં વિશ્વને ભરડો લઈ રહેલ અને ભારતમાં પણ તેની ગંભીર અસર અટકાવવા માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં માહે ૨૪ માર્ચ, ૨૦૨૦થી લોકડાઉન લાગુ કરવામાં આવેલ, જેથી સામયિક/પ્રકાશન સમયસર પ્રસિદ્ધ કરી શકાયેલ નથી અને જેના માટે ભારત સરકારના સંબંધિત વિભાગના પરિપત્ર તા. ૯-૪-૨૦૨૦ અનુસાર પ્રકાશન અંક માહે મે-જૂન, ૨૦૨૦નો પ્રકાશિત કરાયેલ નથી. હવે જુલાઈ-ઑગસ્ટ, ૨૦૨૦નો અંક પ્રકાશિત કરવામાં આવે છે.**

**જે સર્વે સ્વજન/ગ્રાહકની જાણ સારું.**

**— માનદ્ તંત્રીશ્રી**

# ૭. ઉત્કટ પ્રેમભક્તિ સર્વશક્તિમાન છે ? - શ્રીમોટા

તને મારી કને આવવાનું મન થાય એવી તારી હૃદયની ભાવનાની હું કદર કરી શકું છું, સમજી શકું છું. નડિયાદમાં એક વખત સ્મશાનમાં હું સૂતો હતો ત્યારે મને હેમંતભાઈ આદિને મળવાનું મન થયું; કંઈ કશું પહેરેલું નહિ, માત્ર નામનું લંગોટ જેવું કટિ ઉપર વસ્ત્ર હતું, તે પહેરીને એમ ને એમ રાત્રે બાર વાગે નડિયાદથી બેસીને નવસારી ગયેલો. તે આખોયે પ્રસંગ તારો કાગળ વાંચીને યાદ આવ્યો. ઘરમાં કોઈને કહેલું નહિ પરંતુ એવા પ્રેમની કદર ને સમજણ ત્યારના મારા કર્મસાથીઓમાં ન હતી એની પણ મને ખબર પડેલી. તું મને મળવાનું, મારી પાસે આવવાનું દિલ કરે છે તેથી હૈયામાં ઊર્મિ ઊભરાય છે ને ભાવના પણ ઘણી ઘણી થાય છે. હૃદયનો ઉત્કટ પ્રેમભાવ એ તો ખોરાક છે; એના વડે તો જીવન થોડુંઘણું પણ નભે છે; જીવનમાં રસકસ એના વડે જ છે. એટલે એવી હૃદયની પ્રેમભાવના પ્રગટે અને આપણી પરિસ્થિતિ તે ભાવનાને સંતોષવાને સાનુકૂળ ન હોય તેવી વેળાએ એવી ઉત્કટ પ્રેમભાવનાની મદદ લઈને તેનું મનનચિંતન વધારે ને વધારે ઉત્કટ પ્રેમભાવથી કરીએ તો રચનાત્મક દશામાં રહી શકીએ. જેને આપણે સદ્‌ગુરુ કહીએ, માનીએ ને તે સદ્‌ગુરુ પ્રત્યે હૃદયનો ઉત્કટ પ્રેમભાવ હોય તો તેનું મનન-ચિંતન આપણને થયાં જ કરવું જોઈએ.

હૃદયની ઉત્કટ પ્રેમભક્તિ વડે કરીને મીરાંએ સાક્ષાત્ શ્રીકૃષ્ણને પોતાની સાથે વાતો કરતા અનુભવ્યા એ કંઈ ગપ નથી, હકીકત છે. ઉત્કટ પ્રેમભાવનાનું જોશ ઘણું ઘણું છે. એટલે આપણે જો **આપણા હૃદયના સાથીને, જીવનના સાથીને, એવા સદ્‌ગુરુને મનમાં મનની સમક્ષ રાખી રાખીને તેને આગળ ને આગળ કરીને જો સકળ કર્મ કર્યાં કરીએ તો તેનો સંગાથ આપણને મળ્યાં જ કરશે.** તું પ્રયોગ કરજે એટલે તને અનુભવથી સમજાશે; આ તો માત્ર પ્રયોગ કરવાની રીત તને લખું છું.

હરેક પ્રકારની ભાવનાને તેને તેને યોગ્ય સ્થાને બરાબર યોગ્ય રીતે સમજવી અને તે અનુભવવી ને તેમાંથી તથ્યાંશ શોધવું, એ કામ સાચા સાધકનું છે. અમારામાં ભાવના નથી પણ સામેથી ભાવના મળતાં એ અમારામાં દ્વિગુણી, ત્રિગુણી, ચોગુણી એમ પ્રકટ્યાં કરે છે અને એનો પ્રતિધ્વનિ ઊઠે છે, એટલે હૃદય-મનની ભાવના અમારા વિષે કેવી રીતે કોનામાં કેટકેટલી રહે છે ને કેવી રીતે પ્રકટે છે તેની પણ જાણ થતી રહે છે. અમે કોઈની ઉપર ક્રોધ કરીએ છીએ તો દેખીતી રીતે તેવું થવાનું કંઈ પણ કારણ ન હોય, અને દેખીતી રીતે તે ક્રોધ તદ્દન અયોગ્ય લાગતો હોય, પરંતુ જો તે માણસ પોતાના મનમાં પોતાને વિષે વિચારે, અને જો કેવા કેવા વિચારો થયેલા તેનું પૂરું ભાન પ્રકટાવે તો એ થયેલા ક્રોધનું સાચાપણું પણ તેને લાગી જાય. એટલે અમે જે કંઈ કરીએ છીએ તે બધું સાચું જ કરીએ છીએ એવો દાવો નથી; પરંતુ જો સદ્‌ગુરુ માન્યા હોય કે કર્યા હોય તો તેનું એવું એવું વલણ શેને અંગે છે તે પોતે પોતાનામાં ઊંડા ઊતરીને-વિચારીને જો સાધક વિચારે, તો તેનું ખરું કારણ પોતાને વિશે મળી જાય. જીવનના સદ્‌ગુરુ અંગેનું, પ્રેમભક્તિભર્યું, હૈયાની ભાવનાથી તલસાટ મારતું, સતત એકધારું, જ્ઞાનપૂર્વક ચિંતવનનું જો તેનાથી થતા દરેક કાર્યમાં ન થઈ જાય તો સદ્‌ગુરુની પ્રેરણાત્મક મદદનો અનુભવ તેવા સાધકને કદી પણ થઈ શકવાનો નથી.

*('સમર્પણગંગા', પ્ર.આ., પૃ. ૭૪-૭૬)*

## ૮. પૂ. શ્રીમોટા સાથે રહેવાનો પાક્કો નિશ્ચય

- શ્રી નંદુભાઈ શાહ

આ બધું બનવા છતાં, સાતેક વર્ષ પછી મને થયું કે છેલ્લા એકાદ વર્ષમાં મને કશો ફેરફાર મારામાં લાગતો ન હતો. પ્રગતિ થતી લાગતી ન હતી. એ(મોટા) ધ્યાન કરવાનું કહે ત્યારે કલાક સુધીય ધ્યાન કરાતું નહિ. કલાક-અડધો કલાક જપ કરો. જપ ઉપર વધારે ભાર આપતા, વૃત્તિને જોયા કરો. તમારામાં શું વિચારો ઊઠે છે તે જોયા કરો. વિચારની સાંકળ ના જોડો. એમણે સાધનામર્મના ૧૮ મુદ્દા નોંધ્યા છે, તે પ્રમાણે જીવન જીવવાનો પ્રયત્ન કરતો. એ અઢાર મુદ્દા મોટા અક્ષરે લખીને હરિજન આશ્રમના મારા નાના ઓરડામાં ટાંગી દીધેલા અને 'હરિઃૐ'નાં પાટિયાં કરાવીને મૂકી દીધેલાં. જેથી, 'હરિઃૐ' બોલવાનું ભૂલી જવાય તો નજર પડે. 'હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ' આવું બધું આપસૂઝથી હું કર્યા કરતો. સાતઆઠ વર્ષ પછી મન પાછું એકદમ વીફર્યું. દર વર્ષે મૌનમાં બેસતો. ગાંધીઆશ્રમમાં મારા ઘરની બાજુમાં મીરાં કુટીર હતી. ત્યાં અમે મૌન લેતા. બધું સારી રીતે ચાલતું હતું, પણ મન પાછું પડતું, 'ના,ના, શ્રીઅરવિંદ આશ્રમમાં જ જવું સારું છે.' એટલે મેં તો શ્રીઅરવિંદ આશ્રમમાં પોંડિચેરી કાગળ લખ્યો. મારો પુત્ર સિદ્ધાર્થ, સાતેક વર્ષનો થયો. એટલે એના અભ્યાસ માટે ત્યાંની એકેડેમીમાં દાખલ કરવાનું ફૉર્મ લઈ આવ્યો.

મેં મોટાને કહ્યું, 'મારે શ્રીઅરવિંદ આશ્રમમાં જવું છે.' મેં એમની રજા માગી.

એમણે કહ્યું, 'રજાની કંઈ જરૂર નથી. તમે જ્યાં જશો ત્યાં મારું જ ધામ છે. શ્રીઅરવિંદ આશ્રમ પણ મારું જ ધામ છે. આ પણ મારું ધામ છે. તમે જ્યાં જશો ત્યાં મારા ભાઈ તરીકે યાદ કરીશ અને વેલ્કમ કરીશ. આપણો સંબંધ છૂટી જવાનો નથી. તમને જ્યાં તમારું હિત લાગતું હોય ત્યાં ખૂબ ખુશીથી જાવ. ખૂબ આનંદથી જાવ.'

આ સાંભળ્યું એટલે થયું કે સામાન્ય ગુરુઓ પોતાના શિષ્યોને જોડે રાખવા માટે અને ખાસ કરીને બે પૈસે સુખી હોય તેને ખાસ જકડી રાખવા પ્રયત્ન કરે છે. શિષ્યોની સંખ્યા વધારવા માટે પણ પ્રયત્ન કરે. જ્યારે મોટાએ તો મને ખૂબ પ્રેમથી-ખુશીથી-આનંદથી જવાની સંમતિ આપી. એક શબ્દ પણ એમને દિલગીરીનો કે નાખુશીનો દર્શાવ્યો નહિ. છતાં મેં નક્કી કર્યું કે જવું છે. મૌન પૂરું કર્યા પછી જઈએ.' એ વખતે ૪૯ દિવસનું મારું મૌન હતું. ૧૯૪૯માં ૯ વર્ષ પછી મૌનમાં બેઠો. ૪૯માં છેલ્લાં અઠવાડિયામાં બેત્રણ દિવસ લંબાવવા છે. આનંદ આવે છે. એ વખતનો ઓરડો કેવો હતો ! ૧૨ થી ૧૩ ફૂટ લાંબો અને ૬ ફૂટ પહોળો. ૭૮ થી ૮૦ ચોરસ ફૂટની ઓરડી. એમાં બધી ક્રિયાઓ કરવાની. ફરવાનું-પેશાબ-શૌચ કરવાનું-બધું જ ઓરડામાં કરવાનું. એમાં આનંદ રહેતો. બીજા લોકો પણ બેસવા આવતા. મેં ૪૯ દિવસ મનમાં નિશ્ચિત કર્યા અને ૪૯ દિવસ મેં પૂરા કર્યા. એ વખતે છેલ્લા દિવસોમાં એવો ચમત્કાર થયો કે મારું મન ફરી ગયું. 'ના, હવે મારે ક્યાંય જવું નથી.' વચ્ચે વચ્ચે એવા પણ વિચારો આવી જતા કે આ જપ કર્યા કરવાના. કાંસોટા વગાડવા, તબલાં વગાડવા એ કરતાં રવિશંકર મહારાજ સાથે રાધનપુરમાં જોડાઈ જવું કે ત્યાં જપ પણ થશે અને કામ પણ થશે. એક પંથ ઔર દો કામ. તો એમ કેમ ના કરવું ? એવા બધા ઊલટા સીધા વિચારો આવતા હતા અને પછી એમાં જવાનું નક્કી કરેલું,

**અનુસંધાન પેજ નં. ૨૨ પર...**

## ૯. જીવનમુક્તને સુખદુઃખ, રોગ, પીડા આદિ હોય ખરાં ? - પ્રો. કાર્તિકેય અ. ભટ્ટ

પ્રો. શ્રી એ.જી. ભટ્ટ સાહેબે પૂજ્યશ્રી મોટા સાથેના સત્સંગ વાર્તાલાપમાં જિજ્ઞાસાપૂર્વક પૂજ્યશ્રીને પૂછ્યું હતું : "અનુભવીને શરીરનાં સુખ, દુઃખ ભોગવવાનાં હોય છે ખરાં ? અને જો તે હોય તો આવા અનુભવીને જીવનમુક્ત પુરુષ કહી શકાય ? શ્રી રામાનુજાચાર્ય એમ કહે છે કે અનુભવીએ પણ શરીર ધારણ કરેલું હોવાથી એને અનિવાર્યપણે સુખ, દુઃખ હોય છે અને એ હોવાને કારણે એ જીવનમુક્તિ નથી. કેમ નથી તો એના સંદર્ભમાં ઉપનિષદો વગેરેનાં અવતરણો ટાંકીને કહે છે કે જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી પ્રિય અને અપ્રિયનો નાશ થતો નથી. એટલે સુખ, દુઃખની Sensation નાશ પામતી નથી. જે અશરીર બને છે તેને પ્રિય અને અપ્રિય એટલે કે સુખ, દુઃખનો સ્પર્શ થતો નથી.

"હવે જ્યારે શરીર અવસ્થાનું લક્ષ્ય છે ત્યારે શ્રી રામાનુજાચાર્ય કહે છે જીવનમુક્ત દશા સંભવતી જ નથી કારણ કે શરીર તો હોય જ છે અને શરીર હોવાને કારણે એને સુખ દુઃખ હોય જ છે. એ માટે વિદેહમુક્તિ સંભવે છે, વિદેહમુક્ત અવસ્થા સંભવે છે પણ આ અવસ્થા જીવનમુક્તિની સંભવતી નથી. જ્યારે શ્રી શંકરાચાર્ય એમ કહે છે જીવનમુક્તિની અવસ્થા સંભવે છે. તેઓ જીવનમુક્તિનો અર્થ આ પ્રમાણે કરે છે : ' જીવનમુક્તિ એટલે દેહાભિમાનનો નાશ.' એટલે દેહ છે ખરો પણ તેમાં 'દેહ હું છું.' 'દેહ મારો છે' એ પ્રકારનો ધ્યાસ કે અભિમાન નથી. એનો નાશ થયેલો હોય છે." "દાખલા તરીકે કોઈ વ્યક્તિ છે. તે પુષ્કળ પૈસાદાર છે. હવે એણે સંન્યાસ લઈ લીધો. એનું ધન ચોરાઈ ગયું, લૂંટાઈ ગયું, એટલે એને દુઃખ થાય છે કારણ કે ધનમાં એનું અભિમાન છે, મમત્વ વિગેરે છે. પણ જ્યારે પ્રવજ્ઞા લે છે. સંન્યાસ લે છે ત્યાર પછી એને એ ધનાપહરણ-ધન જતું રહે એને કારણે દુઃખ થતું નથી. કારણ કે એમાં એનું અભિમાન એ બાબતમાં રહેતું નથી.

એવી જ રીતે કોઈપણ વસ્તુ. કોઈ વ્યક્તિએ કુંડલ પહેરેલાં છે. હવે 'હું કુંડલી છું. હું કુંડલવાળો છું.' એવું અભિમાન એને રહ્યા કરે છે. એને એનું સુખ રહ્યા કરે છે. તો કુંડલ જતાં રહ્યાં અને ત્યાર પછી એને એ પ્રકારનું દુઃખ થતું નથી. એટલે સુખદુઃખ એ દેહાભિમાનને કારણે છે એમ શ્રી શંકરાચાર્ય કહે છે, એટલે દેહાભિમાન જતું રહે છે જીવનમુક્તને ત્યાર પછી એ સુખદુઃખરહિત એટલે અશરીરાવસ્થા જ છે. શરીર હોય એ જ. શરીરાવસ્થા નહીં પણ શરીર હોય છતાં પણ દેહાભિમાન જતું રહ્યું હોય એ માણસ અશરીર અવસ્થાવાળો છે એટલે મુક્ત જ છે એમ શ્રી શંકરાચાર્યનું કહેવું છે."

પ્રો. શ્રી એ.જી. ભટ્ટ સાહેબની આ જિજ્ઞાસાનાં સંદર્ભમાં પૂજ્ય શ્રીમોટાએ રજૂ કરેલા ઉત્તરને નીચે પ્રમાણેના મુદ્દાઓમાં સંકલિત કરીને રજૂ કરી શકાય.

(૧) અનુભવી પુરુષને પણ દેહ અવસ્થા છે ત્યાં સુધી પ્રકૃતિ છે અને પ્રકૃતિના ગુણધર્મ એને છે. માત્ર તે તેમાં લોપાઈ ના જાય, એમાં ડૂબી ના જાય.

(૨) વિદેહમુક્તિ એટલે જીવતાં-જાગતાં ચેતનના જેવો અનુભવ પોતે કરવો. વિદેહમુક્તિ એટલે શરીરનું કોઈપણ પ્રકૃતિનું લક્ષણ એનામાં હોય નહીં. એ જો વિદેહમુક્તિ કહેવાતી હોય તો માત્ર એ કાલ્પનિક છે. અનુભવીને શરીર છે આથી સુખ દુઃખ હોય પરંતુ તેમાં પરોવાય નહીં.

(૩) ભગવદ્ગીતાનો આધાર લઈએ. એ દૃષ્ટા છે, સાક્ષી છે. શેનો સાક્ષી છે ? કાંઈ કશું હોવું જોઈને ? તો એ સાક્ષી છે. મોટામાં મોટા અનુભવી થઈ ગયા એ બધાને રોગો થયાં હતાં. જેવા કે રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ વગેરે. મોટા કહે

છે : ''રમણ મહર્ષિને દર્દ થતું હતું તે મોં પરના ફેરફારો મેં જોયા છે.'' ''અલબત્ત એ ફેરફારો થાય શરીરને કારણે પણ એથી કરીને મન એમનું સભાનતાથી છૂટું છે એમ ગણી શકાય નહીં.'' ''અનુભવીની સભાનતા હરિ સાથેની કદીકાળ પેલા સુખ દુઃખને કારણે તૂટતી નથી.'' ''ભયંકરમાં ભયંકર દર્દમાં હું ભજનો લખી નાખતો હતો.''

(૪) ''બીજી એક વાત જે કહું કદાચ શંકરાચાર્યે જાહેરમાં ના કરી હોય.'' ''સંપૂર્ણ અદ્વૈતનો જેને અનુભવ છે, તેને આકાશતત્ત્વ મોખરે હોય છે હંમેશાં, અને આકાશતત્ત્વને લીધે જ્યાં જ્યાં નિમિત્ત હોય ત્યાં જાય, પોતપોતાનું શરીર લઈને પણ જાય છે. પણ એ જે શરીર લઈને જાય છે તેને સુખદુઃખાદિ નથી. દા.ત. મારું શરીર અહીં જયંતીભાઈ સાહેબના (અમદાવાદ પંચશીલ સોસાયટીમાં જયંતીભાઈને ત્યાં વાર્તાલાપ ચાલતો હતો) ઘરે છે ને અહીંથી મારા આશ્રમમાં કામ પડ્યું ને ગયો તો એને કશું જ નહીં. બિલકુલ નહીં. અને ઓપરેશન કરાવું તેનો પેલા એ પણ રહી જાય. ડાઘ-બાઘ ચિહ્ન રહી જાય. પણ આને કશું જ નહીં.

(૫) શરીર છોડી દીધા પછી ભક્તોને પ્રત્યક્ષ દર્શન મુલાકાત આપતા હોય એવા લોકો અશરીરી છે તે વાત સાચી, પરંતુ ''આતો શરીર સાથે હોવા છતાં અશરીરી. છતાં કેટલીકવાર મેં મારી સાધનામાં મુશ્કેલીમાં જોયેલા છે. મળેલો છું. જાતોજાત. એ શરીર લઈને આવે છે તેમાં એને સ્પર્શ માત્રા નહીં.'' પૂજ્યશ્રીએ આવા શરીરને અલૌકિક કે દૈવી શરીર તરીકે વર્ણવ્યું છે.

(૬) અન્ય એક સમયે નિમિત્ત વિષયની ચર્ચા કરતા પૂજ્ય શ્રીમોટાએ પ્રો. એ.જી. ભટ્ટ સાહેબને એમ કહ્યું હતું : ''અત્યારે નીરોગી માણસ એ નિમિત્તનાં છે. લોકોને લાગે છે. રોગ. એના રોગ લાગે છે પણ રોગ એના નથી. એનું શરીર સંપૂર્ણ નીરોગી છે. પણ એને નિમિત્તનું છે.'' પૂજ્ય શ્રીમોટાનાં શરીરમાં અનેક રોગો હતા. પૂજ્ય શ્રીમોટા એમ કહેતા હતા કે આ રોગ તેમના સત્સંગીઓ સાથેના તાદાત્મ્યભાવના કારણે તેમનામાં આવી જતા હતા. ગાંધીજી પ્રત્યે મોટાનો અથાગ પ્રેમ જાણીતો છે. આ સંદર્ભમાં એક વાત એવી છે કે ગાંધીજીએ એક વાર (૧૮૪૩માં) ૨૭ દિવસના ઉપવાસ કર્યા હતા. એ ગાળામાં એક વખત ગાંધીજીના પેશાબમાં ઘણાં ઝેરી જંતુઓ જણાયેલાં ત્યારે તેમને ઘણાએ વિનંતી કરી હતી કે કંઈ લ્યો તો સારું, આ તો ભયંકર સ્થિતિ કહેવાય ! ત્યારે ગાંધીજીએ કહેલું કે, ''ભાઈ કાલે સવારે જુઓ શી સ્થિતિ થાય છે.'' બરાબર તે જ દિવસે શ્રીમોટાના શરીરનો પેશાબ મોટાએ ચાહીને તપાસવા મોકલ્યો અને જાણવા મળ્યું કે એ જ જાતના જંતુઓ શ્રીમોટાના પેશાબમાં નીકળેલા, ત્યાર બાદ ગાંધીજીના પેશાબમાં (તા. ૨૪-૨-૧૯૪૩) ઝેરી જંતુઓ નહીં હોવાનું જાહેર થયું હતું. આ સંદર્ભમાં પૂજ્ય શ્રીમોટાએ એમ કહ્યું હતું કે, ''ગાંધીજી સાથેનો હૃદયની સરળતાભર્યો ભાવ, અત્યંત સ્નિગ્ધ માર્દવયુક્ત આદરભાવ, હૃદયનો પ્રેમભાવ તથા તેમની સાથેના તાદાત્મ્યને કારણે આમ બન્યું હતું.

(૭) શ્વેતાશ્વતર ઉપનિષદ્‌નો સંદર્ભ આપીને શ્રી એ.જી. ભટ્ટ સાહેબે એમ કહ્યું હતું કે, ''એવા યોગાગ્નિમય શરીરવાળા યોગીઓનું વર્ણન છે કે જેને રોગ થતો નથી જે વૃદ્ધ થતો નથી જેનું મૃત્યુ થતું નથી.'' અને પૂજ્યશ્રીને પૂછ્યું હતું કે આવી શક્યતા છે ખરી ? ત્યારે ઉત્તરમાં શ્રીમોટાએ દર્શાવ્યું હતું કે એ શક્યતા નહીં પરંતુ વાસ્તવિકતા છે. એ અત્યારે પ્રોસેસમાં છે અને તે ભવિષ્યમાં થઈને રહેશે.'' આ શરીર એવું નીરોગીપણું કે આવીને ચાલ્યું જાય. બધાના નિમિત્તેના રોગ લે કરે બધું ખરું પણ શરીર એને ફેંકી દે.'' શ્રી અરવિંદ જે Supramentalની વાત કરી છે તે થઈને રહેશે.''

●

જેનો સાથ લીધો તેનો સાથ મૂકવાનો નહિ. ચોર હોય, લબાડ હોય, જૂઠો હોય, જે હોય તે. નોકર ચોરી કરતાં પકડાયો. સ્પષ્ટ પુરાવા મળ્યા. ચોરાઈ ગયેલો માલ પાછો લાવીને મોટાને બતાવ્યો.

'ભલે ચોર્યું. એને તક આપો. આપણે એમને રાખો.' એને રાખ્યો. ઘણાં બધાં વર્ષો સુધી અમારી સાથે રહ્યો. આશ્રમની ચાંદીની વસ્તુ ટ્રંકમાંથી લઈને એ વેચવા ગયો અને જેને વેચવા ગયો એ અમારા ઓળખીતા નીકળ્યા. એટલે એમણે કહ્યું, 'આ તમારું વેચવા આવ્યું છે. છતાં કોઈને કાઢવાની વાત નહિ. એક નોકર ડોસી હતાં. એનાથી બિલકુલ કામ થાય નહિ એવી સ્થિતિ થઈ ગઈ, પણ બદલવાની વાત નહિ. મોટા કહે, 'હાથે કરી લો. નોકર બદલવાની વાત નહિ.' એ ડોસીમા જીવ્યા ત્યાં સુધી રહ્યાં. એટલે એવી રીતે કોઈને સાથે લો તો તેને છોડો નહિ. સુધરવાની તક આપો.

મોટા, કોઈનો પણ સાથ ના છોડે તો આપણા જેવાને એમણે જ પકડ્યા હોય. આપણે કાંઈ પકડાવા ગયા ન હતા. એને કેમ છોડે ? એક વાર સાથ લીધો તે લીધો. એ કહેતા હતા કે લીધેલાનો સાથ છોડવાનો નથી. આવાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો ઉપરથી ખબર પડી કે સૂક્ષ્મમાં અને વહેવારમાં પણ એમણે કોઈને છોડ્યાં નથી. કેટલાંકે તો ગાળો ભાંડી છે. એક બહેને મોટાના એક અનુયાયી આગળ ના કહેવાય એવું મોટા વિશે કહ્યું. તોય તે બહેન પ્રત્યે એટલો જ ભાવ રાખ્યો. પરિણામે ફરી પાછી એ બહેન ફરી ફરીને એમની પાસે જ આવી અને એમની ભક્ત બની.

મુક્તોના ઉદાર વર્તનનો એક દાખલો શ્રીઉપાસની બાબાનો છે. તેમની સેવા કરનાર બહેને શ્રીઉપાસની બાબાને ઝેર આપેલું. દુર્ગાબાઈ એનું નામ. શ્રીઉપાસની બાબાએ ગોદાવરી માને શિષ્યા તરીકે રાખેલાં. દુર્ગાબાઈ બધું કરતાં કરાવતાં હતાં. બાબાએ ગોદાવરી માને ગાદી સોંપવાનું મનથી નક્કી કરેલું. આ દુર્ગાબાઈને ડંખ્યું. તેમની ઈચ્છા તેમના દીકરાને બાબા ગાદી સોંપે તેમ હતી. તે અફળ જતી જોઈ. એ તેને ના ગમ્યું. એટલે ઝેર આપ્યું. શ્રીઉપાસની બાબા તો બધું જાણે. છતાં શ્રીઉપાસની બાબાએ છેક સુધી એને જાળવી. પછી એ બાબાના સ્થાનેથી છૂટી થઈ ગઈ. દુશ્મનોએ દુર્ગાબાઈને ચડાવી. કોર્ટમાં કેસ મંડાવ્યો.

'બાબા, આ છોકરીઓ જે રાખે છે તેની પાસે યજ્ઞો કરાવે છે, પણ તેમની સાથે વ્યભિચાર કરે છે.' કોર્ટમાં એવો કેસ માંડ્યો. કેસ ચાલ્યો. બાબાના ભક્તોએ બાબા કચેરીમાં જાતે હાજર ના થાય તેવી પેરવી કરેલી પણ બાબાએ કહ્યું, 'હું કોર્ટમાં હાજર રહીશ. જે થવાનું હોય તે થાય.' પેલી બાઈ હારી ગઈ. આવું બધું હતું છતાં દર મહિને એને ગામ એને પેન્શન મોકલતા. ગામડે રહીને એનો નિભાવ કરે તેવી રીતે. જ્યારે તે બાઈ ગુજરી ગઈ ત્યારે તેની અંત્યેષ્ટિ કરવા બીજા ભક્તોનો સખત વિરોધ હોવા છતાં બાબા તો બાઈને ગામ એકલા ગયા અને અંત્યેષ્ટિ તેમણે પોતે કરી. બાબાના આ કાર્યનો ઘણા ભક્તોએ વિરોધ કરેલો ત્યારે બાબાએ તેમને કહ્યું, 'એણે મારી કેટલી બધી સેવા કરી છે તે તમો જાણો છો ?'

તમે તો આ ઝેર આપ્યું એ જ જાણ્યું. આ પાછળથી પણ હેરાન કર્યો તે જાણ્યું. એણે મારી ઘણી સેવા કરી છે, તે જાણો છો ? જ્યારે હું પીરસેલી થાળી પડતી મૂકીને જંગલમાં દોડ્યો જતો ત્યારે દુર્ગાબાઈએ મારી પાછળ ભટકી મરીને મારી સંભાળ વર્ષો સુધી રાખી. એ જોવા તમે કોઈ આવ્યા હતા ? એ કેમ ભુલાય ?'

મુકતાત્માઓને માટે આ બધું બહુ સહજ છે. આપણને અશક્ય લાગે, પણ એમના માટે આ બધું સહજ છે.

તાદાત્મ્યનો મને એક બીજો કિસ્સો યાદ આવે છે. અમે એક યજમાનને ત્યાં ઊતરેલા. પતિપત્ની વચ્ચે ઝઘડો થયો ત્યારે પતિએ પત્નીને નેતરની સોટીથી ફટકા માર્યા. પત્નીને પાછળ સોળ ઊઠ્યા. મોટાને પણ એવા સોળ ઊઠ્યા. સવારમાં પેલા ભાઈ મોટા પાસે આવ્યા.

મોટા કહે, 'જોને ભઈલા, મને બરડે આ બધું શું થયું છે ?

'આ તો સોળ છે. સોળ શાથી થયા ?'

'એ તું જ સમજી શકશે.'

એ સમજી ગયો. એને ખૂબ લાગી આવ્યું.

એણે કહ્યું, 'કોઈ દિવસ મારી પત્ની સાથે આવો ક્રૂર વહેવાર નહિ કરું. હાથ નહિ ઉપાડું. નહિ તો મારા હાથને ડામ દેજો.' એટલો બધો દંપતી ઉપર મોટાને ભાવ હતો. એ બંનેની આંખો ઉઘાડી.

*('શ્રીમોટાની મહત્તા', ત્રીજી આ., પૃ. ૮૬-૮૯)*

**અનુસંધાન પેજ નં. ૧૮ પરથી...**

પરંતુ એ બધું ટળી ગયું. છેવટે મેં કહ્યું, 'હવે ક્યાંય જવું નથી. હવે પહેલેથી છેલ્લે-જીવીએ ત્યાં સુધી મોટાની સાથે જ રહેવું છે.'

એ અનુભવે મને એવો પાક્કો નિશ્ચય કરી દીધો કે હંમેશને માટે મોટા સાથે રહેવાનું મેં નક્કી કર્યું. આમ, આ પ્રસંગ વર્ણવવાનું કારણ એ છે કે આવી સઘન સાધનામાં આઠ આઠ વર્ષ સુધી હું જોડાયો તોપણ મન થાળે નથી પડતું અને આપણે એમ સમજીએ કે હવે આપણે થાળે પડી ગયા. વર્ષો પછી પણ મન પાછો પલટો મારે છે. એટલે મનની ચાલબાજી સમજવી બહુ ભારે છે. જેમ માણસ વધારે આગ્રહી તેમ વધારે મુશ્કેલી છે. પ્રભુકૃપાથી ત્યાર પછી મને એવું થયું નથી. એમની સાથે જ રહેવાનું કર્યું. પછી આગળ બધા પ્રસંગો બનતા આવ્યા છે, પણ એમાં કશી નવીનતા નથી. પછી તો મન થાળે પડી ગયું હતું.

*('શ્રીમોટાની મહત્તા', ત્રીજી આ., પૃ. ૨૪-૨૬)*

## <u>ગયેલા આત્માને...</u>

૧. જામનગર નિવાસી નિર્મળાબેન કેશવલાલ મહેતાનું તા. ૧૦-૨-૨૦૨૦ ને સોમવારના રોજ અવસાન થયેલ છે.

૨. નરોડા નિવાસી કાન્તાબેન ભગુભાઈ પંચાલનું તા. ૨-૪-૨૦૨૦ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે.

૩. ગાંધીનગર નિવાસી સુભદ્રાબેન બળવંતભાઈ જોષીનું તા. ૮-૪-૨૦૨૦ ને બુધવારના રોજ અવસાન થયેલ છે.

૪. નરોડા નિવાસી જયંતીભાઈ મહેતાનું તા. ૩-૫-૨૦૨૦ ને રવિવારના રોજ અવસાન થયેલ છે.

૫. અમદાવાદ નિવાસી મહેશભાઈ ભાવસારનું તા. ૧૫-૫-૨૦૨૦ ને રવિવારના રોજ અવસાન થયેલ છે.

૬. અમદાવાદ નિવાસી દર્શિનીબેનના સસરા તથા જગતભાઈના પિતાશ્રી સ્વ. બંસીભાઈ કોન્ટ્રાક્ટરનું તા. ૨૮-૫-૨૦૨૦ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે.

**પૂ. શ્રીમોટા સર્વે ગતાત્માને મન, હૃદયથી શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

જેના બળે આ નયનો જુએ છે, આ કર્ણ જેના થકી સાંભળે છે,
સંકલ્પ જેથી મન આ કરે છે ને બુદ્ધિ આ નિર્ણય સૌ કરે છે. ૫૧

**જેના બળે આ નયનો જુએ છે, જેના થકી આ કર્ણ સાંભળે છે, જે[ના]થી આ મન સંકલ્પ કરે છે ને આ બુદ્ધિ સૌ નિર્ણય કરે છે.**

જે શ્વાસ-નિશ્વાસ, તૃષા-ક્ષુધા એ પ્રેરે સહુ પ્રાણ તણી ક્રિયાને,
શરીરનું યંત્ર બધું ચલાવે, ચૈતન્ય એ સર્વ હૃદે વસે છે. ૫૨

**જે શ્વાસ-નિ:શ્વાસ, તૃષા-ક્ષુધા એ સહુ પ્રાણ તણી ક્રિયાને પ્રેરે [છે], જે શરીરનું બધું યંત્ર ચલાવે [છે] એ ચૈતન્ય સર્વહૃદે [= સર્વના હૃદયમાં] વસે.છે.**

જે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, તારકોને, નદી, નદો, સાગરને નિયંત્રે,
જેથી દહે પાવક, વાયુ ચાલે ચૈતન્ય સર્વાંતર એ વિરાજે. ૫૩

**જે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, તારકોને [તથા] નદી, નદો[= મહાનદી] સાગરને નિયંત્રે [છે] [તથા] જેથી [= જેનાથી] પાવક દહે[છે], વાયુ ચાલે [છે] એ ચૈતન્ય સર્વ-અંતર વિરાજે[છે.]**

જે સર્વ આ ઔષધિઓ ઉગાડે, જેથી બધું આ ઋતુચક્ર ચાલે,
જે સર્વ પુષ્પો વિકસાવનારું ચૈતન્ય એ છે સઘળે પ્રકાશ્યું. ૫૪

**જે આ સર્વ ઔષધિઓ[ને] ઉગાડે [છે,] જેથી આ બધું ઋતુચક્ર ચાલે[છે,] જે સર્વ પુષ્પો વિકસાવનારું [છે.] એ ચૈતન્ય સઘળે પ્રકાશ્યું [છે.]**

જે કોકિલોમાં કલગાન પૂરે, મયૂરને નૃત્ય, કળા કરાવે,
જે શ્વેતવર્ણે કલહંસ રંગે ચૈતન્ય એ વિશ્વ બધું ચલાવે. ૫૫

**જે કોકિલોમાં કલગાન[= મધુરગાન] પૂરે [છે,] જે મયૂરને નૃત્ય, કળા કરાવે છે, જે કલહંસ [= હંસોનો એક પ્રકાર] [ને] શ્વેતવર્ણે રંગે છે એ ચૈતન્ય બધું વિશ્વ ચલાવે છે.**

મુગ્ધા તણાં જે નયનો હસાવે, નિર્વ્યાજ ભાવો શિશુમાં સ્ફુરાવે,
વાત્સલ્ય માના હૃદયે વહાવે ચૈતન્ય એ વ્યાપક સર્વમાં છે. ૫૬

**જે મુગ્ધા તણાં નયનો[ને] હસાવે[છે], જે શિશુમાં નિર્વ્યાજ [= અકૃત્રિમ, સ્વાભાવિક] ભાવો સ્ફુરાવે[છે], જે માના હૃદયે વાત્સલ્ય વહાવે [છે] એ ચૈતન્ય સર્વમાં વ્યાપક છે.**

૫૧ થી ૫૬ શ્લોકમાં શ્રી ભટ્ટ સાહેબ ચૈતન્યની સર્વવ્યાપકતાને ઉદાહરણો સહિત રજૂ કરે છે. વ્યક્તિની સર્વ ક્રિયાઓ, સંકલ્પ-વિકલ્પ, બુદ્ધિ વગેરે ચૈતન્યને આભારી છે. શ્વાસ-નિશ્વાસમાં, ભૂખ-તરસમાં, જીવના પ્રાણની સર્વ ક્રિયાઓમાં, સૂર્ય, ચન્દ્ર, ગ્રહો, તારાઓ, નદીઓ, સાગરોમાં, પાવકમાં, અગ્નિમાં, વાયુમાં, ઔષધિમાં, ઋતુચક્રમાં, કોયલના મધુર ટહુકામાં, મયૂરની નૃત્યકળામાં, મુગ્ધાના સ્મિતમાં, શિશુના નિર્વ્યાજ ભાવોમાં, માતાના વાત્સલ્યમાં વગેરે સર્વમાં ચૈતન્યની હાજરી અનુભવાય છે. ભટ્ટ સાહેબ : ''ચૈતન્ય સર્વાંતર એ બિરાજે'' એમ કહીને ચૈતન્યની સર્વવ્યાપકતાની વાત કરે છે.

ભટ્ટ સાહેબ આ શ્લોકમાં આપણને ભગવદ્ગીતાના દસમા અધ્યાય-વિભૂતિયોગની યાદ અપાવે છે. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે - ‘‘આ સર્વ ભાવ મારી વિભૂતિ જ છે, અને તેમણે સર્વ વિશ્વને વ્યાપી લીધું છે.’’ એમ કહેવાય કે બ્રહ્મદેવથી લઈને કીડી સુધી આ જગતમાં ઈશ્વર સિવાય [ચૈતન્ય સિવાય] બીજી કોઈ વસ્તુ નથી. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે : ‘‘મારા એક અંશથી જ આ પૂરું જગત વ્યાપ્ત છે.’’ અહીં શ્રી રમણ મહર્ષિને ટાંકવાનું પ્રલોભન જતું કરી શકતો નથી. એક દિવસ ભગવાન શ્રી રમણ મહર્ષિ મુલાકાતીઓ સાથે ભગવદ્ગીતાની ભારે પ્રશંસા કરી રહ્યા હતા. ત્યારે હાજર રહેલા એક જિજ્ઞાસુએ મહર્ષિને પ્રશ્ન કર્યો : ‘‘ગીતાના બધા જ સાતસો શ્લોકો મનમાં રાખવા કઠિન છે. શું કોઈ એવો શ્લોક નથી કે જેમાં સમગ્ર ભગવદ્ગીતાનું હાર્દ સમાઈ જતું હોય.?’’ આના જવાબરૂપે મહર્ષિએ વિભૂતિયોગનો ૨૦મો શ્લોક દર્શાવ્યો, જેમાં કહેવાયું છે : ‘‘હે નિદ્રાને જીતનારા અર્જુન ! હું સઘળા ભૂતોનાં હૃદયમાં રહેલો સૌનો આત્મા છું તથા સર્વ ભૂતોનો આદિ, મધ્ય અને અંત પણ હું જ છું.’’

ભટ્ટ સાહેબે રજૂ કરેલ ઉપરોક્ત પદ્યમાં જે દાખલા આપ્યા છે એ એટલા માટે કે આ બધામાં ઊર્જા સમાયેલી છે. વિમલાબહેન કહે છે : ‘‘આકાશ સાથે સંબંધિત થવાથી તાજી હવાને, સૂરજ-ચન્દ્રના પ્રકાશને, પ્રકૃતિની નીલવર્ણી કાયાને, સરિતાના ચમકતા જળને અને સમુદ્રના ઊંડા જળને તમારી પર કામ કરવાનો, તમારો સંગ કરવાનો મોકો મળે છે. આ રીતે અવકાશ સાથે સંબંધિત થવાથી મનુષ્યની ચેતના ‘હું’ અને ‘મારા’ ભાવથી મુક્ત થઈ શકે છે.’’ શ્રી વિમલાબહેન વધુમાં કહે છે : ‘‘આ સદી વિજ્ઞાન અને અધ્યાત્મની છે. આજે પદાર્થવિજ્ઞાને એમ કહેવું પડે છે કે Matter ની આગળ Energy છે. Matter is nothing but solidfield energy. વિજ્ઞાનીઓ આ Energy – ઊર્જાનું રહસ્ય શોધવા ગયા તો એક સત્તા આગળ આવીને અટકી ગયા. એને એ લોકોએ 'Is-ness of life', 'the Existential Essence' ની સંજ્ઞા આપી છે. ઈશાવાસ્ય ઉપનિષદના પહેલા જ મંત્રમાં ‘ईशावास्यं इदं सर्वं’ કહેવાયું છે. આ ઈશ્વર શબ્દ વ્યક્તિવાચક નથી, તત્ત્વવાચક છે.’’

ભટ્ટ સાહેબ ૫૩મા શ્લોકમાં સૂર્ય, ચન્દ્ર, ગ્રહો, નદી, સાગરની વાત કરે છે. શ્રી રમણ મહર્ષિ તેમના સ્વરચિત ઉપદેશસારના પાંચમા શ્લોકમાં આકાશ, પૃથ્વી, વાયુ, જળ, અગ્નિ, ચન્દ્ર, સૂર્ય, જીવાત્મા આ બધાંને અષ્ટમૂર્તિ દેવ તરીકે વર્ણવે છે, તથા કહે છે : ‘‘એટલું સમજી લો કે ઈશ્વર [ચૈતન્ય] એક એવું અસ્તિત્વ છે કે જે બધાં રૂપોમાં છે પણ તે સ્વયં આ કે તે રૂપ નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે તે અનેકમાં સર્વવ્યાપી ઈશ્વરની શરીર, વાણી અને મન એ ત્રણેય દ્વારા પૂજા કરવી જોઈએ.’’

●

**સાક્ષીસ્વરૂપી પણ સાક્ષીહીન ચૈતન્ય એ આપનું સત્યરૂપ;**
**શરીરમાં તોય શરીરહીન તે આપનું નાથ ! યથાર્થ રૂપ. ૫૭**

**[જે] ચૈતન્ય સાક્ષીસ્વરૂપી પણ સાક્ષીહીન છે[= જે સાક્ષીભાવે સર્વકંઈ જુએ છે, પણ તેનું કોઈ સાક્ષી, જોનારું નથી] એ આપનું સત્ય રૂપ છે; [જે] શરીરમાં[છે] તોય શરીરહીન છે તે [હે] નાથ ! આપનું યથાર્થ [= સાચું] રૂપ [= સ્વરૂપ] [છે.]**

**જે દર્પણે કો પ્રતિબિંબ જેવા, નિજાંતરે વિશ્વપદાર્થ એવા,**
**તટસ્થ ભાવે રહીને નિહાળે તે સાક્ષીરૂપી પ્રણમું તમોને. ૫૮**

**દર્પણે જેવા [= જેમ] કો[= કોઈક] પ્રતિબિંબ તેવા [= તેમ] જે[= જેઓ] વિશ્વપદાર્થ [= વિશ્વના પદાર્થોને] નિજાંતરે [= પોતાના અંતરમાં] તટસ્થભાવે રહીને નિહાળે [છે] તે સાક્ષીરૂપી તમોને [હું] પ્રણમું [છું.]**

૫૭મા શ્લોકમાં ભટ્ટ સાહેબ સદ્ગુરુના સાક્ષી સ્વરૂપી પણ સાક્ષીહીન સત્ય સ્વરૂપની વાત કરે છે. ૫૮મા શ્લોકમાં વિશ્વના પદાર્થોને પોતાના અંતરમાં તટસ્થભાવે જોતા સાક્ષીરૂપી શ્રી સદ્ગુરુને હૃદયપૂર્વક વંદન કરે છે. પૂ. વિમલાબહેન ઠકાર કહે છે : ''સાક્ષી અથવા સાક્ષિભાવનો અર્થ છે કે કોઈ તમને પ્રત્યક્ષરૂપે પૂછે નહિ ત્યાં સુધી જોતાં રહેવું, સાંભળતા રહેવું, જાગૃત રહેવું, પરંતુ એવી સિફતથી, એવી કલાથી રહેવું કે કોઈ પ્રતિક્રિયા ન ઊઠે. ત્યાં પ્રતિક્રિયામુક્ત અવધાન છે. Reaction - free attentivity છે, ત્યારે એને સાક્ષિભાવ કહે છે.'' પૂજ્ય વિમલાબહેન કહે છે : ''આ રીતે દખલગીરી વગર, દરમ્યાનગીરી વગર, અભિક્રમ લીધા વગર જીવવામાં બહુ મજા છે, તમે સભાન છો, તેથી જો કોઈ પૂછે તો એનો જવાબ જરૂર આપી શકાય.''

''સાક્ષી વ્યક્તિ જડ, નિષ્ક્રિય નથી, એ સાવધાન વ્યક્તિ છે, હું માનું છું તે સાક્ષિભાવ એ પ્રજ્ઞાનું ઉચ્ચતમ સ્વરૂપ છે... કર્તાભાવ, ભોક્તાભાવ - આ બન્નેને ઓળંગી જાઓ તો દષ્ટાભાવ રહી જાય છે. દ્રષ્ટુત્વ એ આત્માનો સ્વભાવ છે, એ દ્રષ્ટુત્વને વ્યવહારની સામાન્ય ભાષામાં સાક્ષીભાવ કહે છે.'' મહર્ષિ અરવિંદ કહે છે : ''આ સાક્ષિભાવ નિમ્ન પ્રકૃતિમાંથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. તેને કારણે પ્રકૃતિની સામાન્ય ગતિઓમાં સંડોવાવાનું થતું નથી; તે અંદર પૂર્ણ શમ અને શાંતિ સ્થાપવામાં સહાય કરે છે, કેમ કે પછી સત્નો એક અંશ અલગ રહે છે અને જુએ છે અને તેથી સાક્ષિભાવ વિક્ષોભોથી વિક્ષુબ્ધ થતો નથી, એ સાક્ષિભાવ ઊર્ધ્વતર ચેતનામાં આરોહણ અને ઉર્ધ્વતર ચેતનાના અવતરણને પણ સહાય કરે છે, કેમ કે આ શમિત, અલગ અને મુક્ત થયેલા આંતરસત્ દ્વારા જ આ આરોહણ અને અવતરણ સહેલાઈથી થઈ શકતાં હોય છે.''

કર્મયોગી, જ્ઞાનયોગી શ્રી ચંદુભાઈ સાક્ષીની સમજ આપતાં કહે છે : ''એ નિરાકાર, નિર્લેપ, સંકલ્પ-વિકલ્પ રહિત, નિર્ભય, સુખ-દુઃખ રહિત, અજ-અમર, સત્-ચિત્-આનંદસ્વરૂપ છે એને વાણીથી ન વર્ણવી શકાય. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિની અવસ્થાથી પર, માત્ર એક મીઠા, મધુરા અંતઃકરણના આનંદરૂપે અનુભવાય છે. એ શુદ્ધતત્ત્વ અથવા તો આનંદમય અવસ્થાનો જે સાક્ષી છે એ જ બ્રહ્મ છે. આખા બ્રહ્માંડનું એ જ સ્વરૂપ છે.'' વિમલાબહેને આ સાક્ષિત્વનું વર્ણન પોતાના સ્વાનુભવને આધારે 'સાક્ષિત્વ' નામના એક હિન્દી કાવ્યમાં કર્યું છે. તેમાં તેઓ કહે છે : ''જ્યાં દ્વૈતભાવને પ્રવેશ નથી, કાળને પગ મૂકવાની જગ્યા નથી, અહમ્-સ્ફુરણને અવસર નથી, ચિત્ત યા બુદ્ધિને જન્મ પામવાની આશા નથી, જ્યાં સહજ સમાધિનું અબાધિત સામ્રાજ્ય છે, જ્યાં સહજતા પર વ્યવહારનાં ચલચિત્રો અંકિત થાય છે. જ્યાં પ્રતિક્રિયાતીત સહજ વ્યવહાર સાક્ષિત્વની અનિવાર્ય એવી અભિવ્યક્તિ છે.''

આ સાક્ષિભાવ - દ્રષ્ટાભાવ શાંત થતાં વ્યક્તિચેતના અને વિશ્વચેતના વચ્ચેનો જે ઘણો પાતળો ઝીણો અહંકારનો પડદો છે તે ઝરી જાય છે. દ્રષ્ટા આપમેળે જ શાંત થતાં જ વિશ્વચેતના અને વ્યક્તિચેતનાનો જે ભેદ દૂર થાય છે, તેને ભટ્ટ સાહેબ **'સાક્ષીહીન'** તરીકે વર્ણવે છે.

સદ્ગુરુ માટે ભટ્ટ સાહેબ લખે છે - ''જે શરીરમાં છે તોય શરીરહીન છે.'' શ્રી રમણ મહર્ષિ કહે છે : ''મુક્તપુરુષને એવી સમજ હોય છે કે એ સર્વને જોનારો છે પરંતુ એને કોઈ જોઈ શકતું નથી. એ પોતે સાક્ષીરૂપ છે પરંતુ એ કશાનો સાક્ષી નથી. એ પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. બીજા શબ્દોમાં કે પોતે શરીર નથી આત્મા છે. શ્રીમદ્ભાગવતના શ્લોક [૧૩-૩૬,૩૭]માં આ સ્થિતિનું વર્ણન જોવા મળે છે : ''જેમ મદિરાનું પાન કરીને ઉન્મત થયેલા પુરુષને દૈવયોગે પોતાના શરીર પર વસ્ત્ર રહેલું હોય અથવા ખસી ગયું હોય તેનું ભાન હોતું

નથી તેમ જેણે સ્વરૂપનો અનુભવ કર્યો છે તેવા સિદ્ધપુરુષને તેનું વિનાશી શરીર પ્રારબ્ધવશ બેઠું છે, ઊભું છે, બહાર ગયું છે કે પોતાને સ્થાને પાછું આવ્યું છે તેનું ભાન નથી.''

ભટ્ટ સાહેબ ૫૮મા શ્લોકમાં લખે છે : ''દર્પણના પ્રતિબિંબની પેઠે સદ્ગુરુ વિશ્વના પદાર્થોને પોતાના અંતરમાં તટસ્થભાવે - નિરપેક્ષભાવે નિહાળે છે.'' આની સમજૂતી આપણને ભટ્ટ સાહેબ દ્વારા લિખિત 'જીવન્મુક્ત' નામના લેખમાંથી મળી રહે છે. તેઓ લખે છે : ''પ્રાણ તથા ઈન્દ્રિયો સાથે રહેલો આ દેહ પ્રારબ્ધને વશ વર્તે છે. આથી તેને ઉત્પન્ન કરનાર કર્મો જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તેમની પ્રતીક્ષા કરતો તે ટકે છે. પરંતુ જેણે સ્વરૂપનો અનુભવ કર્યો હોય, જે સમાધિ પર્યંત યોગમાં આરૂઢ થયો હોય તેવો જીવન્મુક્ત પુરુષ જેમ સ્વપ્નમાંથી જાગેલો પુરુષ સ્વપ્નના પદાર્થોને પોતાના માનતો નથી તેમ સ્ત્રી, પુત્ર, ગૃહ, ધન વગેરે પ્રપંચ સહિત પોતાના દેહને પોતાના માનતો નથી. તેને દેહ, ગેહ, ધન, કુટુંબ વગેરેમાં મમત્વબુદ્ધિ હોતી નથી.''

ભટ્ટ સાહેબ લખે છે : ''જે શરીરમાં છે તોય શરીરહીન છે.'' આને સુંદર રીતે વ્યક્ત કરતાં આદિ શંકરાચાર્ય વિવેકચૂડામણિ [૪૩૨]માં લખે છે : ''શરીરની હયાતિ હોવા છતાં શરીર ઉપર અહંભાવ કે મમભાવ ન હોવો અને શરીરને પોતાના પડછાયાની જેમ અનુસરતું જાણવું તે જીવન્મુક્તનું લક્ષણ છે.'' પ્રખર ચિંતક શ્રી તદ્રૂપાનંદજી આ શ્લોકની સમજૂતીમાં લખે છે : ''દેહ કદી છાયાને અનુસરતો નથી અને છાયાથી લેશમાત્ર પ્રભાવિત થતો નથી. રસ્તે ચાલતાં એવું બની શકે કે પડછાયો ગટરમાં, કાદવમાં, કીચડમાં પડતો દેખાય છતાં શરીરને ગંદકીનો કોઈ ડાઘ હોતો નથી. તે જ પ્રમાણે જીવન્મુક્ત શરીરને પોતાનો પડછાયો ગણે છે. માટે જ શરીરના કાર્યથી ન તો ક્રિયાશીલ થાય છે, શરીરના દર્દથી ન તો દુઃખી થાય છે કે દેહના અલંકારોથી ન તો અલંકૃત થાય છે... તે સ્પષ્ટ માને છે કે ન તો હું દેહ છું કે દેહ મારો છે. તેથી દેહ આજે જ પતન પામે કે વર્ષો સુધી જીવતો રહે, તેમાં મારે નિઃસંદેહ લેવાદેવા નથી.''

*(ક્રમશઃ)*

## પ્રો. શ્રી કાર્તિકેય ભટ્ટના આધ્યાત્મિક પુસ્તકોના વેચાણ બાબત


'મોટા ચરણે'ના રચયિતા, શ્રીમોટાના અનન્ય ભક્ત શ્રી એ.જી. ભટ્ટના પુત્ર કાર્તિકેય ભટ્ટે કેટલાંક અધ્યાત્મને લગતાં પુસ્તકો લખ્યા છે અને સંપાદિત કર્યાં છે. આ પુસ્તકોનું પ્રકાશન ઈમેજ પબ્લિકેશન્સ : મુંબઈ, અમદાવાદ દ્વારા થયું હતું. લગભગ ૬ જેટલાં પુસ્તકો ઈમેજ પ્રકાશન દ્વારા વિક્રેતા તરીકે પસંદ કર્યાં હતાં. પરંતુ તાજેતરમાં આ પ્રકાશન સંસ્થા સંપૂર્ણપણે બંધ થવાથી નીચે દર્શાવ્યા પ્રમાણેના છ પુસ્તકો કાર્તિકેય ભટ્ટને ત્યાં પરત આવેલ છે.

૧. અનુપમ ઈશાવાસ્ય વિમર્શ, ૨. શ્રીરમણ મહર્ષિ અને પૉલબ્રન્ટન, ૩. ગુરુવિભાવના, ૪. શ્રી શ્રીમા આનંદમયીનો અધ્યાત્મબોધ, ૫. શ્રીરમણ શિષ્ય રત્નમાલા, ૬. અનુપમ અધ્યાત્મપથ.

ઉપરોક્ત પુસ્તકોમાંથી ગુરુવિભાવના અને અનુપમ અધ્યાત્મપથ પુસ્તકમાં શ્રીમોટાના જીવન, શ્રીમોટાની ગુરુવાણી અને ભટ્ટ સાહેબના શ્રીમોટા સાથેના વાર્તાલાપનો સમાવેશ કરાયો છે. ઈમેજ પ્રકાશન સંસ્થા બંધ થયેલ હોવાથી **આ પુસ્તકો ૫૦ ટકા જેટલા વળતર**થી શ્રી કાર્તિકેય ભટ્ટના નિવાસસ્થાને સંપર્ક કરવાથી મળી શકશે. તેમનો નંબર (લેન્ડલાઇન) (૦૭૯) ૨૬૬૩૨૯૮૪ અને (મો.નં.) ૯૪૨૬૬૩૨૯૮૪ છે.







The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad • **RNI No. GUJGUJ/2018/76364**



## ગુરુપૂર્ણિમા મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)

શીળી ચેતન ચાંદની વરસતી આજે ગુરુપૂર્ણિમા,
અંધારા જીવને પ્રકાશ ભરતી તારી ગુરુચેતના.
આજે હો ગુરુવર્યને હૃદયના ભાવોર્મિની વંદના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૧

તારો નિર્મળ સંગ-સાથ જીવને ઉર્ધ્વે ગતિ પામવા,
તારી ગોદ હૂંફાળને શુભ સદા શાંતિપ્રદા મોક્ષદા.
મીઠીને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ કેરી શિખા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૨

તારા પાવક સ્પર્શથી હૃદયમાં જાગો પ્રભુઝંખના,
અજ્ઞાની જડતાભર્યાં જીવનમાં હૈયે વહો ભાવના.
ઊર્ધ્વારોહણ હો સદા જીવનનું આ નિમ્ન સંસારમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૩

સંસારે તરતી રહો જીવનની નૌકા પદે પ્રાર્થના,
ડૂબું ના ગુરુદેવ ! આ ભવજલે અગાધ ઊંડાણમાં.
દ્વંદ્વોથી ભરપૂર આ જીવનમાં પ્રેમૈક્યતા પામ્યા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૪

કેવી આ મન-પ્રાણ ને તન તણી લાખો ઊઠે કામના,
સંસારી સૌ ક્ષુદ્ર શુષ્ક સુખની હૈયે જલે વાસના.
મેલી આ મનની ગતિ શમી જજો તારા ઊંડા ભાવમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૫

કોટિ કોટિ કરું સદા ગુરુપદે ભાવોર્મિની વંદના,
પૂજા હો પદપંકજે હૃદયની પુષ્પો ખીલ્યાં ભાવનાં.
તારા મંગલ સંગથી જીવનમાં જાગો પ્રભુઝંખના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૬

દેજો હે ગુરુદેવ ! આજ દિલની કલ્યાણકારી દુવા !
પ્રકૃતિ મમ નિમ્ન ઉર્ધ્વ કરજો તારી કૃપા-ચેતના.
જન્મોજન્મ ભજું પ્રભુચરણને વગે થજો સાધના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૭

હૈયાના ગુણભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા,
વ્હેજો આ ગુરુભાવગંગ હૃદયે એવી પદે પ્રાર્થના.
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના,
આહુતિ દઈને સદાય દિલની પામું તને સર્વદા ! ૮

**(BOOK-POST - Printed Matter)**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from 89, Payal Park, Near Star Bazar, Satellite, Ahmedabad-380015.
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL